**સુવિચાર**

મૌનના ફળરૂપે પ્રાર્થના, પ્રાર્થનાનું ફળ શ્રધ્ધા, શ્રધ્ધાનું ફળ પ્રેમ અને પ્રેમનું ફળ સેવા.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૨/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ–૫ વર્ષ : ૧૫ અંક : ૦૬૬




## બિનખેતી થયેલ જમીનમાં પર્યાવરણ કાયદાનો ભંગ થતો હોવાથી

# ધારીનાં મોણવેલમાં સોલાર એનર્જી પ્લાન્ટ સામે મનાઈ હુકમ

છેલ્લા ઘણા મહિનાઓથી સોલાર એનર્જી માટે કામ શરૂ હોય તંત્ર ઘણા સમય સુધી બેખબર રહ્યું

ધારીનાં મામલતદારે ધારી સોલાર પાર્કનાં સંચાલકને કામગીરી સ્થગિત કરવા હુકમ કર્યો

સરંભડાનાં ગૌપાલક, પર્યાવરણ ટ્રસ્ટની માનવ અધિકાર આયોગમાં રજૂઆત બાદ કાર્યવાહી

કાયદા અને પર્યાવરણનો ભંગ કરનાર અન્ય ઉદ્યોગપતિઓમાં ફફડાટ ફેલાયો



અમરેલી, તા.૨૮

ધારીનાં મોણવેલ નજીક ધારી સોલારપાર્ક દ્વારા કાયદાનો ખુલ્લેઆમ ભંગ કરીને કામગીરી કરવામાં આવતી હોય ધારીનાં મામલતદારે ૨૭ ફેબ્રુઆરીનાં રોજ સોલારપાર્કનાં ડાયરેકટરને કામગીરી ન કરવા હુકમ કરવામાં આવેલ છે.

સરંભડા ગામનાં પર્યાવરણ ટ્રસ્ટ દ્વારા સોલાર પાર્ક વિરૂધ્ધ રાજય માનવ અધિકારી આયોગમાં ફરિયાદ કરવામાં આવ્યા બાદ આયોગ દ્વારા લાગતા–વળગતા વિભાગને જવાબરજૂ

અનુસંધાન પાના ૬ ઉપર

### મધ્યપ્રદેશથી આવીને વાડીમાં રહેતી હોય

## અમરેલીનાં કમીગઢ ગામે ૩૮ વર્ષિય મહિલાએ ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**કોઈ અગમ્ય કારણોસર ઝેર ગટગટાવ્યુ**

અમરેલી તા. ૨૮

મુળ મધ્ય પ્રદેશના વતની અને અમરેલી તાલુકાના કમિગઢ ગામે સુરેશભાઈ હંસરાજભાઈ ગોજારીયાની વાડીમાં રહેતા ભૂરીબેન કરણભાઈ ગણાવા નામની ૩૮ વર્ષિય મહિલાએ કોઈ કારણોસર ગત તા. ૨૭ ના રોજ બપોરના ૨/૩૦ વાગ્યે કમીગઢ ગામે પોતે પોતાની મેળે ઝેરી દવા પી જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.













### રાત્રિના રખોપુ કરવા ગયા બાદ

## બાબરાના નીલવડાનાં આધેડે પોતાની મેળે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

અમરેલી, તા.૨૮

બાબરા તાલુકાના નીલવડા ગામે રહેતા દાનાભાઈ અમરાભાઈ ખીમસુરીયા નામનાં ૫૫ વર્ષિય આધેડ ગત તા.૨૬ ના રાત્રીના

અનુસંધાન પાના ૬ ઉપર

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી**

સાવરકુંડલા રોડ–અમરેલી

**:: જાહેર સુચના ::**

બજાર સમિતિ અમરેલીનાં બજાર વિસ્તાર (અમરેલી શહેર તથા તાલુકા વિસ્તાર)માં નિયંત્રિત ખેત પેદાશો જેવી કે :– અનાજ, કઠોળ, તેલીબીંયા, મસાલા, કપાસ,ગોળ, વિગેરેનો વેપાર કરતાં/કરવા ઈચ્છતા સર્વેને જણાવવાનું કે સને ૨૦૨૪/૨૦૨૫ નું માર્કેટવર્ષ તા.૦૧.૦૪.૨૪ થી શરૂ થતુ હોય તા.૩૧.૦૩.૨૪ પહેલા લાયસન્સ મેળવવા નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. :–

- બજાર સમિતિનું જરૂરી લાયસન્સ મેળવ્યા સિવાય નિયંત્રિત જણસીઓનું ખરીદ–વેચાણ કે દલાલી કરવી એ ગુન્હા પાત્ર છે.
- ભાગીદારી પેઢીઓએ લાયસન્સ અરજી સાથે ભાગીદારી દસ્તાવેજની નકલ અને અધિકૃત ભાગીદારોનાં ફોટાઓ પાછળ નામ લખી અચૂક રજુ કરવાના રહેશે.
- દુકાન / ગોડાઉનનું ભાડું ભાડાચિટ્ઠીની શરત મુજબ એક વર્ષનું એડવાન્સ ભરવાનું રહેશે. જે અરજદારનુ ભાડું બાકી હશે તેમણે તા.૩૧.૩.૨૦૨૪ પહેલા ભરપાઈ કરવું અન્યથા લાયસન્સ અરજી સ્વીકારવામાં આવશે નહી.
- જે વેપારીઓ/પેઢીઓની માર્કેટ ફી બાકી હોય તેમણે તા.૩૧.૩.૨૪ પહેલા ચુકતે કરવી. અન્યથા લાયસન્સ અરજી સ્વીકારવામાં આવશે નહી.
- લાયસન્સ રિન્યુ કરાવવાની અરજી સાથે વ્યકિત/પેઢીએ આગલા વર્ષમાં તેમજ ચાલુ વર્ષમાં કરેલ ખરીદ–વેચાણનાં આધાર–પુરાવા, વાર્ષિક હિસાબો, ખરીદ–વેચાણ ખાતુ અને બજાર સમિતિ અમરેલીમાં ભરેલ માર્કેટ ફીની વિગત રજુ કરવાની રહેશે.
- જે અરજદારોની અરજી તા.૨૫/૩/૨૦૨૪ સુધીમાં સંસ્થાને મળશે તેઓને તા.૩૧/૩/૨૦૨૪ સુધીમાં લાયસન્સ મંજુર કરવામાં આવશે તેમજ એપ્રિલ માસમાં લાયસન્સ ઈસ્યુ કરવામાં આવશે.
- તા.૩૧.૩.૨૦૨૪ સુધીમાં લાયસન્સ રિન્યુ કરવા માટેની અરજી નહી કરનાર વ્યકિત/પેઢીઓ પાસેથી તા.૩૦.૬.૨૦૨૪ સુધી પેનલ્ટી (લાયસન્સ ફીની રકમ જેટલી) ની રકમ સાથે લાયસન્સ રિન્યુ કરવા માટે અરજીઓ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ લાયસન્સ રિન્યુ કરી આપવામાં આવશે નહિ.
- જે સહકારી સંસ્થાઓ/મંડળીઓએ લાયસન્સ જોઈતુ હશે તેમણે ઠરાવ સહિત અરજી કરવાની રહેશે.
- જે ખરીદનાર વેપારીઓ યુનિફાઈડ લાયસન્સ ધરાવતા હોય તેઓએ સરકારશ્રીનાં નિયત કરેલ ફોર્મમાં તમામ આધાર–પુરાવા સાથે તા.૩૧/૦૩/૨૪ પહેલા માર્કેટયાર્ડ કચેરીમાં જમા કરાવવાની રહેશે.

**તા.ક. :– લાયસન્સ મેળવવા માટે, પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ (કલર), આધારકાર્ડની ઝેરોક્ષ, ધંધાનું સ્થળ–સરનામુ (વ્યવસાય વેરાનું નોંધણી પ્રમાણપત્રની ઝેરોક્ષ), વ્યકિત/પેઢીનાં પાનકાર્ડની નકલ તથા બેંકનું સ્ટેટમેન્ટ, તેમજ વર્ષ–૨૦૨૩/૨૪ નાં લાયસન્સની ઝેરોક્ષ અને ઉપર જાહેરાતમાં દર્શાવેલ જરૂરી તમામ આધાર–પુરાવા અચૂક સાથે જોડી અરજી કરવાની રહેશે. અન્યથા આવી લાયસન્સ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.**

**ઓફિસ :– (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ / ૨૩૪૦૪૪**

**નોંધ :–** બજાર સમિતિનાં પેટા નિયમ મુજબ તમામ બજાર ચાર્જીસ ખરીદનારે ભોગવવાના છે.

| તુષાર હપાણી | સુરેશભાઈ રોકડ | શૈલેષભાઈ સંઘાણી |
|---|---|---|
| સેક્રેટરી | વા.ચેરમેન | ચેરમેન |

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી**

### વડવિયાળા ગામ નજીકની ઘટના

# ઉના–ગીરગઢડા માર્ગ ઉપર વૃક્ષનું છેદન કરી પુરાવાનો નાશ કરાયો

## તટસ્થ તપાસ થાય તેવી માંગ ઉભી થઈ

ઉના, તા. ૨૮

ઉના ગીર ગઢડા તાલુકામાં જાણે કે પ્રકૃતિ અને પર્યાવરણની ઘોર ખોદવાની હરીફાઈ ચાલતી હોય તેમ ઉના ગીર ગઢડા હાઈવે ઉપર વડવિયાળા ગામ નજીક માર્ગ મકાન સ્ટેટની હદમાં ઉજરીને મોટું થયેલ વૃક્ષનું છેદન કરી બાળી નાખી પુરાવાનો નાશ કરાયો.


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના ગીર ગઢડા હાઈવે ઉપર શેડ્યુલ ૧ના પ્રાણીઓના માર્ગ અકસ્માતે મોત થવાના બનાવો છાશવારે બનતા હોય છે તેમાં વધુ ઉમેરો થતો હોય તેમ હાઈવે ઉપર વડવિયાળા ગામે ઉજરીને મોટું થયેલું વૃક્ષનું ગેરકાયદે છેદન કરાતા પર્યાવરણ પ્રેમીઓમાં રોષ ફેલાવા પામેલ છે. આ બાબતે લાયન નેચર ફાઉન્ડેશનના ભીખુભાઈ બાટાવાળા એ રોષ પૂર્વક જણાવેલ છે કે પર્યાવરણની ઘોર ખોદાતી હોવા છતાં વન વિભાગ,માર્ગ મકાન સ્ટેટ, પંચાયત, મામલતદાર કચેરી જેવા જવાબદાર વિભાગો ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવતા હોય તેમ આંખ આડા કાન કરે છે જેથી પ્રકૃતિની ઘોર ખોદનારાઓ ઉના ગીર ગઢડા તાલુકામાં બેફામ બન્યા છે.

વૃક્ષ છેદન કરનાર વાડી માલિકના નિવેદનો લઈ સંતોષ માનનાર વન વિભાગ દ્વારા દંડનાત્મક કાર્યવાહી કરાશે કે કાયદાકીય રાહે પગલાં લેવાશે કે ભીનું શકેલી લેવાશે તે જોવું રહ્યું

### નાયબ દંડકે સરકારની જાહેરાતને આવકારી

# આનંદો : અમરેલીથી બેટ દ્વારકા જવા દરરોજ એસ.ટી. બસ સેવા મળશે

## દરરોજ સવારે ૫ કલાકે અને પરત ૨:૩૦ વાગે મળશે

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાની પ્રજાને હવેથી બેટ દ્વારકા જવા માટે અમરેલીથી સીધી બસ સેવાનો લાભ મળશે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી દ્વારા વિધાનસભામાં કરવામાં આવેલી જાહેરાત મુજબ આ બસ અમરેલીથી દરરોજ વ્હેલી સવારે ૫:૦૦ કલાકે ઉપડી બપોરે ૨:૧૦ કલાકે બેટ દ્વારકા પહોચશે. આ બસ અમરેલીથી વાયા આટકોટ, રાજકોટ, જામનગર, ખંભાળિયા, ભાટિયા, દ્વારકા થઈને સિગ્નેચર બ્રિજ પરથી પસાર થઈ બેટ દ્વારકા પહોચશે. તાજેતરમાં જ આ બ્રિજનું લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલ છે. મુસાફરો આ બ્રિજનો સુંદર નજારો મુસાફરી દરમ્યાન માણી શકશે. બેટ



દ્વારકાથી આ બસ બપોરે ૨:૩૦ કલાકે ઉપડી વાયા દ્વારકા, ભાટિયા, ખંભાળિયા, જામનગર, રાજકોટ, આટકોટ થઈ રાત્રીના ૧૧:૪૫ કલાકે અમરેલી પરત પહોંચશે.

વાહન વ્યહાર મંત્રી હર્ષ સંઘવીની આ જાહેરાતથી આગામી દિવસોમાં આ બસ શરૂ થનાર છે. જેનાથી અમરેલી જિલ્લાની ધાર્મિક અને શ્રધ્ધાળુ પ્રજાને એનો લાભ મળનાર હોય, સરકારની આ બસ સેવા શરૂ કરવાની જાહેરાતને અમરેલીનાં ધારાસભ્ય અને વિધાનસભા નાયબ દંડક કૌશિક વેકરિયાએ આવકારી અમરેલીની પ્રજા વતી સરકારનો આભાર માનેલ છે.

# સાવરકુંડલામાં ઘરકંકાસથી ત્રસ્ત પીડિતાને વ્હારે ૧૮૧ અભયમ્‌ની ટીમ પહોંચી

અમરેલી, તા. ૨૮

સાવરકુંડલામાં રાત્રિના સમયે એક પીડિત મહિલાએ ૧૮૧ મહિલાઅભયમ પર કોલ કરીને જણાવેલ કે, તેઓના પતિ વ્યસન કરીને ઘરે આવી અને સાથે ઝગડો કરી મારા–મારી કરે છે. જેથી પીડિતાની આ રજૂઆતને પગલે તુરંત જ ૧૮૧ અભયમની ટીમના કાઉન્સેલર હીનાબેન પરમાર, જીઆરડી કાજલબેન પરમાર તથા જગદિશભાઈ મોરે ઘટના સ્થળ પર પહોંચી પીડિત મહિલાનું કાઉન્સેલીંગ કરતા જાણવા મળેલ કે તેમના લગ્નને ૪ વર્ષ થયા છે તેમજ લગ્નજીવનમાં ૨ વર્ષનો દીકરો છે, તેણીના પતિ જે કમાઈ છે તે વ્યસનમાં પૈસા વેડફી નાખે છે અને પોતાના ઘરે ગુજરાન માટે પૈસા આપતા નથી તેમજ અવાર–નવાર પતિ વ્યસન કરીને ઘરે આવી, વહેમ કરી મારઝૂડ કરે છે તેમજ પીડિતા અને તેઓના સાસુ–સસરાને ઘરની બહાર કાઢી મૂકે છે.

આથી ટીમ દ્વારા પીડિત મહિલાના પતિને કાયદાકીય માહિતી આપીને તેઓની ફરજ તેમજ જવાબદારી અંગે ભાન કરાવી તેઓની ભૂલનો અહેસાસ કરાવી વ્યસનમુકિત કેન્દ્ર અંગે માર્ગદર્શન આપીને મુલાકાત લેવા જણાવેલ હોય તેમજ બંને પતિ–પત્નીવચ્ચેનો સંબધ જળવાઈ રહે તે રીતે સમાધાન કરાવેલ હતું. જેથી બંન્ને પક્ષનુ સમાધાન થતા પીડિતાએ અભયમ ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

### એડવોકેટ પંડયા અને ડાબસરાની દલીલો સફળ

# સાવરકુંડલાનાં અપહરણ અને દુષ્કર્મનાં આરોપીને છોડી મુકવા હુકમ

## એડી. સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ છોડવા હુકમ





અમરેલી, તા. ૨૮

સીનીયર એડવોકેટ અજયપંડયા ની દલીલોને ધ્યાને લઈ સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરી બળાત્કારના કેસમાં છોડવાનો સાવરકુંડલા એડ. સેશન્સ કોર્ટે હુકમ કરેલ છે.

આજથી ૫વર્ષ પહેલાં સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાં રહેતી સગીરાને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે સગીરાના વાલી સુતા હોય તે દરમિયાન આરોપી રસિક ગોવિંદ થળેસા અને તેનો ભાણિયો વિશાલ અને તેના માસિયાય મનુભાઈએ ભગાડી જવામાં મદદગારી કરી ભોગ બનાનાર ઉપર તેની મરજી વિરૂધ્ધ બદકામ કરેલ હોય. જે કેસ એડી.સેસન્સ કોર્ટ સાવરકુંડલામાં ચાલી જતા ફરિયાદ પક્ષ દ્વારા જે પુરાવાઓ રજૂ કરેલ તે પુરાવા આરોપીઓ વિરૂધ્ધનો ગુનો સાબીત કરવામાં અસમર્થ રહેલ હોય અને એડવોકેટ અજય પંડયા અને વિનુભાઈ ડાબસરાની રજુઆત અને દલીલોને ગ્રાહ્ય રાખી અને આરોપીઓને છોડી મુકવાનો હુકમ એડ. સેશન્સ જજ વાસ્તવ દ્વારા કરવામાં આવેલ છે.

આ કેસમાં વિદ્વાન વકીલ અજય પંડયા અને વિનુભાઈ ડાબસરા રોકાયેલ હતા.

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને ૧૧ હજારનું અનુદાન



અમરેલી, તા. ૨૮

મુકતાબેન મનજીભાઈ ચોટલિયા હસ્તે બાલુભાઈ નાનજીભાઈ ટાંક (સરપંચ) તરફથી સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમનાં ભગીરથ નિર્માણ કાર્ય માટે ૧૧,૦૦૦ રૂપિયાનું અનુદાન તા. ૨૮/૨/૨૦૨૪નાં રોજ આપેલ. સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી. આ તકે સારહિ પરિવાર વતી કાર્યકારી પ્રમુખ સુરેશભાઈ શેખવા ઉપસ્થિત રહ્યા હતા. સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

### મોજડી ખરીદનાર અને વેચનાર વચ્ચે બઘડાટી

# સા.કુંડલામાં મોજડીએ બબાલ કરી મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો

## બન્ને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં ગઈકાલે એક 'મોજડી' એ બે ગ્રુપને સામે સામે બરાબરના ભેડવી દીધા હતા. કાઠી એક યુવાને મનગમતી મોજડી સવારે ખરીદી પણ ફાવી નહી એટલે સાંજે બદલી આપવા વેપારીએ ના પાડી જીભા જોડી થઈ પછી સામસામે બાંથમ બથા એકને સામે ત્રણ ચાર જણા વચ્ચે દુકાનમાં જાણે ધીંગાણું જામી ગયું. આ દરમિયાન બુટ ખરીદવા ખાનગી ડ્રેસમાં આવેલા વ્યકિતઓ બબાલની શરૂઆત થતાં જ ધીમેથી સરકી ગયા...!

પછી તો સાંજે સાત આસપાસ બનેલા બનાવે મોડી રાત્રે સામસામે ફરિયાદો નોંધાઈ આઈપીસી સેકશન ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ સામસામે ગુન્હો નોંધાયો.

'મોજડી' ખુણામાં ચુપચાપ પડી પડી એક પણ શબ્દ બોલ્યા વગર મનમાં ને મનમાં વિચારતી હતી કે મારા કારણે કારણ વગરનાં બધાય સલવાણા.

### ખેડૂતોની માંગણીનો તંત્રએ સ્વીકાર કર્યો

# ખાંભાના મોભનેશ ડેમમાંથી ધાતરવડી નદીમાં પાણી છોડવામાં આવ્યું

## ભર ઉનાળે ખેડૂતોની વાડીનાં કૂવા–બોરના તળ ઉંચા આવ્યા

ખાંભા, તા. ૨૮

ખાંભાના મોભ નેસ ડેમનાં હેઠવાસના ખેડૂતોની માંગણીથી ધાતરવડી નદીમાં પાણી છોડાતા ધાતરવડી નદીના કાંઠે આવેલ વાડીઓ અને હેઠવાસના ગામોના ખેડૂતોને કુવા અને બોરમાં પાણી જતા રહ્યા બાદ સિંચાઈ વિભાગને થોડી રકમ ભરી અને મોભનેસ ડેમમાંથી પાણી છોડવામાં આવતા આસપાસના ૫૦થી વધારે ખેડૂતોના વાડીના કુવા બોરમાં પાણીના તળ ઉંચા આવ્યા હતા.


તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા

ખાંભાની ધાતરવડી નદી ઉપર મોભનેસ નેસ પાસે આવેલા મોભનેસ ડેમ નીચે આવતા ધાતરવડી નદીના કાંઠાના ખેડૂતોની ૫૦ હેક્ટર જમીનમાં ઉનાળાના પ્રારંભે જ કુવા–બોરમાં પાણી ઘટી જતા ખેડૂતોનો ઉભો મોલ તથા ઉનાળુ વાવેતરને નુકસાન થવાના ભયના કારણે નદી કાંઠાના ૫૦ હેક્ટર જમીનના ખેડૂત ખાતેદારોએ નાની સિંચાઈ વિભાગમાં અમુક ટકા રકમ ભરી હતી ત્યારે સિંચાઈ વિભાગ દ્વારા મોભનેસ ડેમોમાંથી ધાતરવડી નદીમાં ૩ એમપીએફટી પાણી છોડવામાં આવતા ઉનાળે નદીમાં પૂરની જેમ પાણી આવતા ખેડૂતોમાં ખુશી વ્યાપી જવા સાથે નદીની નીચે આવતા ખાંભા તેમજ ગીણીયા, બગોયા, દાઢીયાળીના ખેડૂતોને પણ પાણીનો લાભ મળતા ખેડૂતોમાં હર્ષ ફેલાવવા પામેલ છે. ત્યારે મોભનીશ ડેમમાં આગામી દિવસોમાં રિનોવેશનનું કામ હાથ ધરવાનું હોય તેમને લઈ મોભનેસ ડેમ અમુક ક્ષમતા સુધી ખાલી કરવામાં આવવાનો હોય તેમજ મોભનેસ ડેમ નીચેના ખેડૂતોએ સિંચાઈ માટે અમુક રકમ ભરવાને કારણે મોભનેસ ડેમોમાંથી ૩ એમપીએફટી પાણી છોડવામાં આવ્યું હોવાનું સિંચાઈ વિભાગના અધિકારી ડોડીયાએ જણાવ્યું હતું.

### એકાદ મહિના પહેલા ઘટના બની

# સા.કુંડલા પંથકમાં સાધ્વીજી ઉપર અત્યાચાર કરનાર આરોપી હવામાં ઓગળી ગયો

## આરોપી વિકૃત માનસ ધરાવતો હોવાનું અનુમાન

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં આજથી એકાદ માસ પહેલા છરીની અણીએ રાત્રે ૨:૩૦ વાગ્યે એક સાધ્વી ઉપર અત્યાચાર ગુજારવામાં આવવાની પોલીસ ફરિયાદ દાખલ થયેલ. હાઈવે ઉપર ટ્રાફિકથી ૨૪ કલાક ધમધમતા સ્થળે આવેલા આશ્રમમાં કોઈ પ્રકારની કાયદાની બીક વગર અને એ પણ ધાર્મિક સંસ્થામાં એકલા રહેતા પ્રૌઢ ઉમરનાં સાધ્વી ઉપર છરીની અણીએ અત્યાચારે સારાયે વિસ્તારમાં ચકચાર મચી ગયેલ.

સાવરકુંડલા ખાતેનાં પ્રતિનિધિ દ્વારા આ સમગ્ર બનાવની તલસ્પર્શી બાબતો જાણવા પીડિત સાધ્વીજી સાથે તેમના સાંસારિક જીવનનાં સગા ભાઈની હાજરીમાં વાતચીત કરી હતી. જેમાં અમુક ચોંકાવનારી બાબતો બહાર આવી હતી અને જેનાથી આરોપી માનસિક વિકૃતતા ધરાવતો હોવાની દ્રઢ શંકા થવા જાય છે. સાધ્વીજીનાં જણાવ્યા અનુસાર આરોપી સાધ્વીજીનાં આંતરવસ્ત્રો પણ ચોરી ગયેલ છે..!

બનાવનાં એકાદ બે કલાક પણ આરોપી સાધ્વીજીની ગેરહાજરીમાં આશ્રમમાં પ્રવેશ કરી સાધ્વીજીએ મેદાનમાં દોરી ઉપર સુકવેલા આંતરવસ્ત્રો પણ ચોરી ગયેલ હતો. આ ઉપરાંત સાધ્વીજીનાં વધુ જણાવ્યા અનુસાર આ બનાવના છ માસ પહેલા પણ રાત્રિનાં સમયે આશ્રમની દીવાલ પાસે આવેલ નાની દેરી ઠેકીને આરોપી આશ્રમમાં ઘૂસ્યો હતો. ત્યારે સાધ્વીજી મેદાનમાં સુતા હતા અને તે અવાજ થતાં જાગી જતા આરોપીને પડકાર્યો હતો. ત્યારે પણ દોરી ઉપર સુકવેલા સાધ્વીજીનાં આંતરવસ્ત્રો ચોરીને ભાગી ગયો હતો.

આ બાબતો ઉપરથી ચોક્કસ અનુમાન લગાવવામાં આવે છે કે, આરોપી માનસિક વિકૃતતા ધરાવતો હોવો જોઈએ આ પ્રકારની ભૂતકાળમાં ગુજરાતમાં કયાંય મોડસ ઓપરેન્ડી જોવા મળી છે કે કેમ તે તપાસનો વિષય છે. સાધ્વીજીનાં વધુ જણાવ્યા અનુસાર આરોપી શુદ્ધ ગુજરાતી બોલતો હતો અને પોતે ગોધરાથી આવ્યો હોવાનું બોલતો હતો. બોલવાની ઢબ ઉપરથી સાવ સાધારણ ખેત મજૂર સહેજ પણ લાગતો ન હતો. સાધ્વીજીને દ્રઢ શંકા છે કે આશ્રમની સામે પશ્ચિમ બાજુએ આવેલ જુદી જુદી વાડીઓ વાવતા ખેત મજૂર પરિવારો ચોક્કસ કંઈક છુપાવી રહ્યા છે. આ તમામ સહિત સામેની બાજુ રહેતા પરિવારો તથા સામે એક દુકાન ધરાવનાર પણ આરોપી અંગે ચોક્કસ માહિતી જાણે છે.

ડોગ સ્કવોડ પણ આશ્રમથી નીકળી સામે પશ્ચિમ બાજુએ આવેલ વાડીના ઉભા મકાઈના પાક સુધી ઉભો રહી ગયેલ. સાધ્વીજીને ચોક્કસ શંકા છે કે આરોપી આશ્રમ સામે આવેલ એકાદ વાડીમાં રોકાયેલ અને ત્યાંથી જ આશ્રમ તરફ આવેલ.

એકાદ સી.સી.ટી.વી. ફૂટેજમાં આ વાડી તરફથી આશ્રમ તરફ બનાવના સમયે વાહન આવતું હોય તેવી લાઈટોનો પ્રકાશ પણ દેખાઈ રહ્યો છે. સાધ્વીજીની ગુરૂ ગાદી જૂનાગઢ નજીકની સુપ્રસિદ્ધ જગ્યા છે. સાધ્વીજી આ બનાવ બાદ આશ્રમમાં રહેતા અસલામતી અનુભવતા હોવાથી આશ્રમ છોડી અમરેલી પોતાના ભાઈ સાથે હાલ રહે છે. સાધ્વીજીનો સાંસારિક પરિવાર અને તેમના સમાજના આગેવાનો સહિત સાધુ સંતો આ સમગ્ર કેસની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવામાં આવે તે બાબતે ઉચ્ચ સત્તાવાળાને એક લેખીત આવેદન પાઠવવા માટેનું વિચારી રહ્યા છે. ત્યારે અહીં સવાલ એ ઉઠે છે કે,

એક સનાતન ધર્મનાં સાધ્વી ઉપર એ પણ અવાવરું કે નિર્જન જગ્યાએ નહીં. પરંતુ ટ્રાફિકથી ભરપૂર હાઈવે ઉપર અને આશ્રમથી તદ્દન ૧૦૦ મીટરનાં અંતરે ૨ હોમગાર્ડ જવાનો નાઈટ ડયુટીમાં હોવા છતાં આ આશ્રમમાં એક અજાણી વ્યકિત શરીરની અણીએ અત્યાચાર ગુજારી ભોં ભીતર થઈ જાય અને કાયદાનાં હાથમાં આવે નહીં તે બાબત શરમજનક બની છે.

# અમરેલીની ડો. જીવરાજ મહેતા પોલીટેકનિકમાં મેગા પ્લેસમેન્ટ કેમ્પ યોજાયો









ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ડો. જીવરાજ મહેતા પોલીટેકનિક અમરેલી ખાતે મેગા પ્લેસમેન્ટ કેમ્પ ૨૩૦ વિદ્યાર્થીઓ નું સિલેકશન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ તરત જ તેમના કૌશલ્ય અને લાયકાત અનુસાર રોજગારીની પ્રાપ્તિ થાય એ હેતુ ને સાર્થક કરવા રાજયના શિક્ષણ વિભાગ હસ્તકની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજો ખાતે અંતિમ વર્ષ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રોજગારીની તક ઉપલબ્ધ થાય તે હેતુથી અમરેલી ખાતે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા કમિશનરેટ ઓફ ટેકનીકલ એજયુકેશન, ગાંધીનગર અને કે.સી.જી. અમદાવાદ ના સંયુકત ઉપક્રમે અમરેલી જિલ્લા, ઝોન ૫, નોડ ૮ ના મેગા પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૪ નું નોડલ સંસ્થા ડો. જીવરાજ એન. મહેતા સરકારી પોલીટેકનિક અમરેલી દ્વારા સફળ આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિતિ કંપનીઓના પ્રતિનિધિઓ તેમજ નોડલ ઓફિસર બી. પી. રાવલ દ્વારા કરવામાં આવી હતી. કોર્ડીનેટર એમ. ડી. કાકડિયા દ્વારા પ્લેસમેન્ટ ફેર ની રૂપરેખા આપી વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમથી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ એ રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી ઈન્ટરવ્યુ આપવા માટે જોડાયા હતા. પ્લેસમેન્ટ ફેર માં જિલ્લાની નામાંકિત ૧૧ જેટલી કંપનીઓ ઉત્સાહભેર જોડાઈ મહત્તમ ૨૪૦૦૦૦/– થી વધુ ના સેલેરી પેકેજ ઓફર થયું હતું. પ્લેસમેન્ટ ફેર માં કૂલ ૨૦૫ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા તેમાંથી દરેક વિદ્યાર્થીઓને પાંચ અલગ અલગ કંપનીમાં બેસવાની પરમિશન અપાઈ હતી આ રીતે કુલ ૩૫૦ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ બાદ આખરે ૨૩૦ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી. અમરેલી જિલ્લાના મેગા પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૪ ને સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં જિલ્લાની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેમજ કોર્ડીનેટર આર. પી. બોરીસાગર, કે.ડી. રામાનુજ, એન.વી. પીઠડીયા, એચ. જી. ડાંગર, આર. એ. નિમાવત, વી. એમ. હોથી તથા પોલિટેકનિક સંસ્થાના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સમગ્ર પંથકનાં જીવદયાપ્રેમીઓમાં અરેરાટીનો માહોલ ઉભો કરતી ઘટના

# ખાંભાનાં રાયડીમાં એરંડા ખાઈ જવાથી ૬ નીલગાયનાં મોત

**એક નર અને પાંચ માદાનાં મોત થતાં વન વિભાગને જાણ કરવામાં આવી**

**વન વિભાગે ઘટના સ્થળે દોડી જઈ ખેડૂતની પુછપરછ પ્રક્રિયા શરૂ કરી**

**જોકે નીલગાયની સંખ્યામાં સતત વધારો થતાં ખેડૂતોને પણ નુકસાન થઈ રહ્યું છે**

**વન વિભાગ દ્વારા નીલગાયનાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ શરૂ કરવામાં આવ્યું**



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના ખાંભા તાલુકાના રાયડી ગામે એક ખેતરમાં એરંડા ખાઈ જવાના કારણે એક નર અને પાંચ માદા સહિત છ જેટલી નીલગાયના મોત થયાનું સામે આવ્યું છે. મોતનું ચોક્કસ કારણ જાણવા વન વિભાગ દ્વારા નિલગાયના મૃતદેહોને પીએમ માટે ખસેડવામાં આવ્યા છે. વનવિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ખાંભાના રાયડી ગામની સીમ વિસ્તારમાં આવેલ ખેડૂત ભીખાભાઈ ગોંડલીયાની વાડીમાં એરંડા ખાવાથી એક નર અને પાંચ માદા સહિત છ જેટલી નીલગાયને ફૂડ પોઈઝનિંગ થતા નીલગાયોના ઘટના સ્થળે જ મોત નિપજયા હતા. આ ઘટનામાં સ્થાનિક ખેડૂત દ્વારા ખાંભા- તુલસીશ્યામ રેન્જ વનવિભાગને જાણ કરતા વનવિભાગનાં આર.એફ.ઓ. રાજલ પાઠકની ટીમ ઘટના સ્થળે પહોંચી ખેડૂતોની વાડી વિસ્તારમાં તપાસ કરી એરંડા ખાવાથી મોત થયાનું પ્રાથમિક તારણ જણાતા વનવિભાગ દ્વારા મૃતક નીલગાયના મૃતદેહો કબ્જે લઈ પીએમ માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડૂતની વાડીમાં નીલગાયના મોતની ઘટના બનતા વનવિભાગ ઘટના સ્થળે પહોંચી ખેડૂતની પૂછપરછ કરી નિવેદનો નોંધવામાં આવ્યા હતા અને આ ઘટના અંગે સમગ્ર માહિતીઓ મેળવી હતી. જયારે ખાંભા સહિત જિલ્લામાં મોટાભાગે રેવન્યુ વિસ્તારમાં નીલગાયોનો વસવાટ હવે દિનપ્રતિદિન રીતે વધી રહ્યો છે જેના કારણે અનેક વખત ખેડૂતોના પાકમાં નુકસાન થવાની ઘટનાઓ પણ સામે આવતી રહે છે.

### સારી એવી આવક હોવા છતાં નવતર પ્રયોગ

## લ્યો બોલો : અમરેલી-મહુવા વચ્ચે દોડતી બપોરની સેવાનાં સમયપત્રકમાં ફેરફારથી પરેશાની

**જુના સમયપત્રક મુજબ રૂટ ચલાવવા માંગ થઈ**

અમરેલી, તા. ૨૮

અમરેલીથી નિયમિત રીતે અપડાઉન કરતા કર્મચારીઓ, અમરેલી ડેપો સંચાલિત, એસ.ટી. બસ અમરેલીથી મહુવા બપોરનાં ૧:૧૫ કલાક તથા બીજી બસ બપોરનાં ૧:૩૦ કલાકે ઉપડી સા.કુંડલાથી મહુવા જતી હતી અને મહુવાથી ૪:૩૦ કલાકે તથા ૪:૪૫ કલાકે ઉપડી વિજપડી થઈ સા.કુંડલા સાંજનાં ૬:૦૦ કલાકે કે ૬:૧૫ કલાકે પહોંચતી હતી. આ બંને બસમાં સાંજના સમયે અમરેલી આવવા વાળાને સમય અનુકૂળ હતો અને એસ.ટી.ને પણ પુરતો ટ્રાફિક અને આવક મળી રહેલી હતી.

પરંતુ છેલ્લા ત્રણ માસથી અણઘડ વહીવટને કારણે કે કોઈ અકળ કારણોસર ઘણા વર્ષોથી નિયમિત રીતે ચાલતી અને એસ.ટી.ને આવક થતી હતી તે બન્ને બસને અમરેલીથી મહુવા અને ત્યાંથી તળાજા(જિ. ભાવનગર) સુધી લંબાવેલ છે જે કોઈપણ રીતે વ્યવહારૂ કે વ્યાજબી નથી કેમ કે મહુવાથી તળાજાનું ટ્રાફિક પણ મળતું નથી અને એસ.ટી.માં નિયમિત રીતે અપડાઉન કરતા પેસેન્જર્સને આ રૂટમાં ફેરફાર થવાથી સાવરકુંડલાથી અમરેલી આવવા માટે સાંજના ૫:૦૦ કલાક પછી એક પણ લોકલ બસ મળતી નથી બીજી બસ છે. તે પણ સાંજનાં ૭:૦૦ કલાક આજુબાજુ મળે છે. એટલે ના છુટકે અમારે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે એમ.ટી.ની નિયમિત આવક પણ ઘટવા પામેલ છે. (જો માહિતી માગવામાં આવે તો આ તફાવત માલુમ પડે). અમારી માંગણી છે કે, અમરેલી ડેપો સંચાલિત બપોરનાં ૧:૧૫ થી ૧:૩૦ કલાકે અમરેલી-મહુવા-મહુવા-અમરેલી ટ્રીપ નં સંચાલન તેના જુના નિર્ધારિત સમય મુજબ કરવા માગણી છે. જેથી અપડાઉન કરતા પેસેન્જર્સને તેનો લાભ મળી અને એસ.ટી.ને પણ તેની આવક જળવાઈ રહે. તો સમગ્ર મુસાફર જનતાનાં હિતમાં ઉપરોકત બંને બસને તેના જૂના ટાઈમ ટેબલ મુજબ ચલાવવા વિભાગીય નિયામકે યોગ્ય કરવા માંગ થઈ છે.

### પર્યાવરણ માટે જોખમી સાબિત થયેલ

## દામનગર શહેરમાં ઉભેલા કોનો કોપર્સ વૃક્ષોને ઉતારી લેવા જરૂરી



દામનગર, તા. ૨૮

ભારતમાં હરિયાળી માટે અમેરિકાથી લાવવામાં આવેલ 'કોનો કોપર્સ ' વૃક્ષો પર્યાવારણવિદોના મતે જોખમી હોવાનું સાબિત થતા રાજય અને કેન્દ્ર સરકારે આ વૃક્ષને જાહેરમાં, ઉદ્યાનમાં કે ઘરમાં વાવવા કે ઉછેર કરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવેલ છે. પર્યાવરણ માટે અતિ ગંભીર અને જોખમી બની ગયેલા આ વૃક્ષને દૂર કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળી રહયું છે. જો કે આ કોનો કોપર્સ વૃક્ષો દામનગર નગરપાલિકાની હદમાં એટલે કે હવેલી નજીક ડિવાઈડરમાં આજની તારીખમાં ઉભેલા જોવા મળી રહ્યા હોય, વન વિભાગ અને સ્થાનિક તંત્ર આવા પર્યાવરણને નુકસાનકારક વૃક્ષોનો નિકાલ કરવામાં આવે એવી લાગણી સાથે માંગ ઉઠી છે.

### ભાજપનાં ૧૯ અને કોંગ્રેસનાં ૭ નગરસેવકોની ઉપસ્થિતિમાં

## બગસરાના પાલિકાનું રૂપિયા ૧.૩૨ કરોડનું પુરાંતલક્ષી બજેટ રજુ થયું

**પ્રમુખ પતિ અને વિરોધપક્ષ વચ્ચે બોલાચાલી**




તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨૮

બગસરા નગરપાલિકાની આજરોજ બજેટની સભા મળી હતી જેમાં બગસરા પાલિકાનુ રૂ૦૧.૩૨ કરોડનું પુરાંતવાળુ બજેટ રજૂ થયુ હતુ. આ બજેટ માં કુલ ૨૮ સભ્યો માંથી ભાજપના ૧૯ અને કોંગ્રેસના ૭ સભ્યો રહયા હાજર રહ્યા હતા શાંતિ પૂર્ણ માહોલ વચ્ચે બજેટની બેઠકની શરૂઆત થઈ હતી ચીફ ઓફિસર ની પણ ગેરહાજરી હતી તેમજ મહિલા પ્રમુખના પતિ મિટિંગ પૂર્ણ કરવા બાબતે બોલતા મામલો ખીચકાયો હતો વિપક્ષ દ્વારા મુદ્દાઓની ચર્ચામાં મહિલા પ્રમુખપતિ વચ્ચે બોલાચાલી થઈ હતી આ મામલે મહિલા પ્રમુખ પતિ એ.વીઈ રિબડિયા તેમજ વિરોધ પક્ષ ના નેતા જમાલ સરવૈયા વચ્ચે બોલાચાલી થતાં હોબાળો થયો હતો ત્યાર બાદ બગસરા પાલિકાની બજેટ સભામાં અંદાજીત આવક રૂ.૨૭.૯૦ કરોડની સામે રૂા. ૨૬.૫૮ કરોડની જાવક થશે જેમાં ૧.૩૨ કરોડનું પુરાંતવાળુ બજેટ રજૂ કરાયુ હતુ બજેટમાં ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ, ધારાસભ્યની ગ્રાન્ટ, નલ સે જલ પ્રોજેકટ,અટલજી પાર્ક ગાર્ડન ડેવલોપમેન્ટ સહિતના કામો હાથ ધરવામાં આવશે. ૫૦ લાખના ખર્ચે શહેરના મેઘાણી હાઈસ્કૂલ ખાતે અને ભુતનાથ મહાદેવ મંદિર ખાતે બેસ્ટ શૌચાલય ઉભા કરવામાં આવશે. જાંજરીયા રોડ સહિતના બે શૌચાલયોને પાડી નવા શૌચાલય બનાવવામાં આવશે તેમજ આઈટીઆઈ, બાલમંદિર, હિન્દુ સ્મશાન પાસે યુરીનલ બ્લોક બનાવવામાં આવશે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અધ્યક્ષસ્થાનેથી પાણીનો વેડફાટ અને ધાર્મિક પ્રસંગોમાં કચરો ફેલાવનારાઓ સામે મુદ્દા રજૂ થવાના હતા પરંતુ શાસક પક્ષના સદસ્યોએ જ પાણીનો વેફડાટ અને કચરો કરનારાઓ સામે કોઈ કાર્યવાહી નહી કરવા જણાવ્યું હતુ. આમ, પાણીનો વેડફાટ કરનારાઓ અને કચરો ને જ પ્રોત્સાહન આપવામાં આવતુ હોવાનો શહેરીજનોમાં ગણગણાટ શરૂ થયો છે.






















### હિમાચલની રાજ્યસભાની બેઠક પરથી અભિષેક મનુ સંઘવી હારી ગયા

# લોકપ્રતિનિધિત્વ કાયદા ૧૯૫૧ની કલમ ૧૦૨ કોંગ્રેસને ભારે પડી

### કોંગ્રેસ અને ભાજપ એમ બંનેના ઉમેદવારોને ૩૪-૩૪ મત મળ્યા હતા પરંતુ જીત કે હારનો નિર્ણય ટોસ દ્વારા લેવામાં આવ્યો

સિમલા, તા.૨૮

હિમાચલ પ્રદેશમાં રાજ્યસભાની બેઠક પર ભાજપના હર્ષ મહાજન ચૂંટણી જીતી ગયા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવી હારી ગયા. અહીં રાજ્યમાં કોંગ્રેસની સરકાર હોવા છતાં તેના ઉમેદવારનો પરાજય કોંગ્રેસ માટે મોટો ઝટકો મનાઈ રહ્યો છે. કોંગ્રેસ અને ભાજપ એમ બંનેના ઉમેદવારોને ૩૪-૩૪ મત મળ્યા હતા પરંતુ જીત કે હારનો નિર્ણય ટોસ દ્વારા લેવામાં આવ્યો. જેમાં ભાજપના હર્ષ મહાજનનો વિજય થયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે મેચ ૩૪-૩૪ મતોથી ટાઈ થયું હતું પરંતુ તે પછી મહાજનને 'ડ્રો' દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

આ કદાચ પહેલીવાર છે કે રાજ્યસભાની ચૂંટણીના વિજેતાનો નિર્ણય 'ડ્રો' દ્વારા કરવામાં આવ્યો છે. લોકપ્રતિનિધિત્વ કાયદા, ૧૯૫૧ની કલમ ૧૦૨ હેઠળ ડ્રો કરવામાં આવ્યું હતું. તેમાં જોગવાઈ છે કે મત ગણતરી બાદ ઉમેદવારો વચ્ચે ટાઈ થાય તો ડ્રો દ્વારા પરિણામ જાહેર કરી શકાય. નિયમ અનુસાર આવી સ્થિતિમાં વિજેતા તે જ હશે જેને ચિઠ્ઠીના ડ્રો દ્વારા 'વધારાનો મત' મળે છે.

ચૂંટણી પંચના સૂત્રોને ટાંકીને એક અહેવાલમાં દાવો કરાયો કે હિમાચલ પ્રદેશમાં રાજ્યસભાની ચૂંટણીના પરિણામો ડ્રો દ્વારા જાહેર કરવાની સમગ્ર પ્રક્રિયા કાયદા અનુસાર કરવામાં આવી હતી. આ દરમિયાન રિટર્નિંગ ઓફિસર અને બંને ઉમેદવારો ત્યાં હાજર હતા. પંચના સૂત્રોએ જણાવ્યું છે કે આ નિર્ણય અંગે કોંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ ફરિયાદ મળી નથી. અગાઉ, ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશમાં હાઈ-વોલ્ટેજ ડ્રામા વચ્ચે રાજ્યસભાની ચૂંટણી માટે કોંગ્રેસના ધારાસભ્યોને સરકારી વિમાન દ્વારા સુરક્ષિત જગ્યાએ ખસેડવાની ભાજપની ફરિયાદને પણ નકારી કાઢી હતી.

લોકપ્રતિનિધિત્વ કાયદા, ૧૯૫૧ ની કલમ ૧૦૨ હેઠળ બે ઉમેદવારો વચ્ચે સમાન મતના કિસ્સામાં પરિણામો કેવી રીતે નક્કી કરવામાં આવશે તેની પ્રક્રિયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે કહે છે કે જો કોઈ ચૂંટણી અરજીની સુનાવણી દરમિયાન એવું જણાય કે ચૂંટણીમાં કોઈપણ ઉમેદવારો વચ્ચે મતોની સમાનતા છે અને તેમાંથી કોઈ પણ મત ઉમેરવાથી તે ચૂંટાયેલા જાહેર થવા માટે હકદાર બનશે, તો ડ્રો કરીને વિજેતાને જાહેર કરવામાં આવી શકે છે.

### વિશ્વમાં રામમંદિરોની વધતી બોલબાલા

# અબુધાબી બાદ પાકિસ્તાનમાં પણ રામમંદિરનું નિર્માણ

### મંદિર અયોધ્યા કે અબુ ધાબી જેટલું ભવ્ય નથી, પરંતુ તે પાકિસ્તાનના લઘુમતી હિંદુઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે

નવી દિલ્હી, તા.૨૮

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. થોડા દિવસો બાદ યુએઈના અબુધાબીમાં પણ વિશાળ રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાકિસ્તાનમાં પણ રામ મંદિર નિર્માણના સમાચાર સામે આવ્યા છે. જો કે તે અયોધ્યા કે અબુ ધાબી જેટલું ભવ્ય નથી, પરંતુ તે પાકિસ્તાનના લઘુમતી હિંદુઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે.પાકિસ્તાનના ડેરા રહીમ યાર ખાનના રહેવાસી માખન રામ જયપાલે પોતાના એક યુટ્યુબ વીડિયોમાં આ મંદિર બતાવ્યું છે અને તેની માહિતી પણ શેર કરી છે. માખન રામના જણાવ્યા અનુસાર સિંધ પ્રાંતના ઈસ્લામકોટમાં લગભગ ૨૦૦ વર્ષ જૂનું રામ મંદિર છે. નજીકના વિસ્તારોમાંથી હિન્દુઓ અહીં પ્રાર્થના કરવા આવે છે.આ મંદિરની ઈમારત તેની ઉંમરને કારણે જર્જરિત થઈ ગઈ છે. જો કે, હવે તેનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે. ખાસ વાત એ છે કે આ નવી ઈમારત બનાવનાર તમામ કારીગરો અને મજૂરો મુસ્લિમ છે.આગામી છ મહિનામાં મંદિરનું નવું મકાન તૈયાર થઈ જશે તેવી લોકોને આશા છે. આ પછી, તે જૂના મંદિરમાં રાખવામાં આવેલી મૂર્તિઓને સંપૂર્ણ વિધિ સાથે નવા બિલ્ડિંગમાં શિફ્ટ કરશે. વીડિયોમાં જોઈ શકાય છે કે મંદિરમાં ભગવાન રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ સિવાય ભગવાન શિવ અને હનુમાનની મૂર્તિઓ પણ છે.

### ખાનગી હોસ્પિટલો દર્દીઓ સાથે ઊઘાડી લૂંટ કરે છે

# દર્દીઓને લૂંટતી ખાનગી હોસ્પિટલો સામે તત્કાળ પગલાં લેવા સુપ્રીમનો નિર્દેશ

### રાજ્યો સાથે કાઉન્સેલિંગ બાદ મેટ્રોપોલિટન શહેરો, શહેરો અને નગરોમાં રોગોની સારવાર અને ઉપચાર માટે માનક દરોની સૂચના જારી કરવી ફરજિયાત છે

નવી દિલ્હી, તા.૨૮

છેલ્લા ઘણા વર્ષોમાં ખાનગી હોસ્પિટલો ઉઘાડી લૂંટ કરતી હોય તેમ મન ફાવે એ રીતે દર્દીઓ પાસેથી આડેધડ રૂપિયા વસૂલી રહી છે જેના કારણે લોકો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે ત્યારે આ સંદર્ભે સુપ્રીમ કોર્ટ લાલ આંખ કરતા સરકારને તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે.

નોંધનીય છે કે નિયમો હેઠળ, રાજ્યો સાથે કાઉન્સેલિંગ કર્યા પછી મેટ્રોપોલિટન શહેરો, શહેરો અને નગરોમાં રોગોની સારવાર અને ઉપચાર માટે માનક દરોની સૂચના જારી કરવી ફરજિયાત છે. એક સમાચાર એજન્સીના જણાવ્યાનુસાર સરકારે સુનાવણી દરમિયાન કોર્ટને કહ્યું હતં કે 'સરકારે આ મુદ્દે રાજ્યોને ઘણી વખત પત્ર લખ્યો છે, પરંતુ તેમની તરફથી કોઈ જવાબ મળ્યો નથી.' આ મામલે કોર્ટે કહ્યું કે 'નાગરિકોને પોતાના સ્વાસ્થ્ય સંભાળવાનો મૂળભૂત અધિકાર છે અને કેન્દ્ર તેની જવાબદારીમાંથી છટકી શકે નહીં.' આ ઉપરાંત કોર્ટે કેન્દ્રીય આરોગ્ય સચિવને રાજ્યના આરોગ્ય સચિવો સાથે એક મહિનાની અંદર બેઠક કરીને માનક દરોની સૂચના જારી કરવા માટે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે ચેતવણી આપતા કહ્યું હતું કે, 'જો કેન્દ્ર સરકાર આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નિષ્ફળ જશે તો અમે સમગ્ર દેશમાં દર્દીઓની સારવાર માટે સીજીએસએચ- નિયત સરકારી દરો લાદવાની અરજદારની અરજી પર વિચાર કરીશું.' ઉલ્લેખનીય છે કે દરેક નાગરિક માટે આરોગ્યની સંભાળ એ સૌથી મહત્વપૂર્ણ પાસું છે પરંતુ ખાનગી હોસ્પિટલો મનસ્વી રીતે ફી વસૂલી રહી છે, જેના કારણે દર્દીઓને આર્થિક સંકટનો સામનો કરવો પડે છે.

એક 'વેટરન્સ ફોરમ ફોર ટ્રાન્સપરન્સી ઈન પબ્લિક લાઈફ' નામની એનજીઓએ વકીલ દાનિશ ઝુબેર ખાન દ્વારા પીઆઈએલ દાખલ કરી છે. જેમાં, કેન્દ્રને 'ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (કેન્દ્ર સરકાર) નિયમ, ૨૦૧૨'ના નિયમ ૯ મુજબ દર્દીઓ પાસેથી વસૂલવામાં આવતી ફીનો દર નક્કી કરવા નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. આ નિયમ હેઠળ, તમામ હોસ્પિટલોએ તેમના સર્વિસ ચાર્જ વિશે સ્થાનિક ભાષા તેમજ અંગ્રેજીમાં માહિતી આપવાની રહેશે.

### રાજીવના હત્યારાને લિવર ફેલ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો

# રાજીવ ગાંધીના હત્યારા સંથાનનું ચેન્નાઈની રાજીવ ગાંધી હોસ્પિટલમાં મોત

### કાર્ડિયાક અરેસ્ટ પછી, શરૂઆતમાં એવું લાગતું હતું કે તે સ્વસ્થ થઈ જશે, પરંતુ તેને બચાવી શકાયો નહીં

ચેન્નાઈ, તા.૨૮

પૂર્વ વડાપ્રધાન દિવંગત રાજીવ ગાંધીનો હત્યારો સંથાન મૃત્યુ પામી ગયો છે. બીમારીની સારવાર દરમિયાન તે મૃત્યુ પામ્યો હતો. જોકે રસપ્રદ વાત એ છે કે સંથાનનું મોત પૂર્વ દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીના નામે જ નિર્માણ પામેલી ચેન્નઈની સરકારી હોસ્પિટલમાં થયું હતું. રાજીવ ગાંધીની હત્યા સંથાને જ કરી હતી. તેણે આ હત્યાકાંડ મામલે દોષિત ઠેરવાયો હતો પણ પછીથી તે મુક્ત થઈ ગયો હતો. ૫૫ વર્ષીય સંથાનને જાન્યુઆરીમાં લીવર ફેલ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો જ્યાં તે અનુક બીમારીઓથી પીડાતો હોવાથી સારવાર લઈ રહ્યો હતો.

હોસ્પિટલના ડીન ડૉ. ઈ થેરાનીરાજને જણાવ્યું હતું કે સંથાનને દાખલ કરવામાં આવ્યા ત્યારથી તેની સ્થિતિ નાજુક હતી. આ પછી, તેમની બિમારીના કારણે, આજે સવારે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું.

ડૉક્ટરે વધુમાં જણાવ્યું હતું કે કાર્ડિયાક અરેસ્ટ પછી, શરૂઆતમાં એવું લાગતું હતું કે તે સ્વસ્થ થઈ જશે, પરંતુ તેને બચાવી શકાયો નહીં. રાજીવ ગાંધી હત્યા કેસમાં સંથાનને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી, જે બાદમાં આજીવન કેદમાં ફેરવાઈ હતી. આટલું જ નહીં નવેમ્બર ૨૦૨૨માં જ સંથાન સહિત અન્ય ૫ હત્યારાઓને પણ મુક્ત કરવામાં આવ્યા હતા. આ તમામ લોકોએ લગભગ ૩૨ વર્ષની જેલની સજા ભોગવી હતી.

આ લોકોને મુક્ત થયા બાદ પણ ત્રિચીની સેન્ટ્રલ જેલના સ્પેશિયલ કેમ્પસમાં રાખવામાં આવ્યા હતા. આ પાછળનું કારણ એ હતું કે તેઓ મૂળ શ્રીલંકાના નાગરિક હતા અને તેમની પાસે ન તો પાસપોર્ટ હતો કે ન તો મુસાફરીના કોઈ દસ્તાવેજો હતા. સંથાને મદ્રાસ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી હતી કે તેને શ્રીલંકા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે કારણ કે તે તેની વૃદ્ધ માતાને મળવા માંગતો હતો. જો કે, આ અંગે કોઈ નિર્ણય લેવાય તે પહેલા જ સંથાનનું લાંબી માંદગી બાદ મૃત્યુ થયું હતું.

### વેસ્ટર્ન ડિસ્ટરબન્સ ૧ માર્ચે એ સક્રીય થતા કમોસમી વરસાદ રહેશે

# હવામાન વિભાગે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરી

### આગાહી મુજબ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી સહિતના શહેરમાં કમોસમી વરસાદ રહેશે

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં બદલાતા વાતાવરણ વચ્ચે હવે હવામાન વિભાગની મોટી આગાહી સામે આવી છે. વાત જાણે એમ છે કે, રાજ્યમાં કમોસમી વરસાદને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટરબન્સ ૧ માર્ચે એ સક્રીય થતા કમોસમી વરસાદ રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૧ માર્ચે સક્રીય થતા કમોસમી વરસાદ રહેશે. આ સાથે દરિયાઈ કાંઠાના વિસ્તારમાં કમોસમી વરસાદ રહેશે અને ૧૦ થી ૧૨ કિમીની ઝડપે પવન રહેશે. હવામાન વિભાગે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરતાં ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી સહિતના શહેરમાં કમોસમી વરસાદ રહેશે. આ સાથે અમરેલી, ભાવનગર, પોરબંદર, દ્વારકા સહિત શહેરમાં કમોમસી વરસાદ રહેશે. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વધુ અસર રહેશે. રાજ્યના હવામાંન વિભાગે આગાહી વ્યક્ત કરતાં કહ્યું છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૧ માર્ચે સક્રીય થતા કમોસમી વરસાદ રહેશે. આ સાથે દરિયાઈ કાંઠાના વિસ્તારમાં કમોસમી વરસાદ રહેશે.

### મિડકેપ, સ્મોલ કેપ અને માઇક્રો કેપ સૂચકાંકોમાં બે ટકાથી વધુનો ઘટાડો

# શેરબજારમાં ભારે વેચવાલીથી રોકાણકારોની સંપત્તિમાં ૬ લાખ કરોડનું ધોવાણ

### બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ તમામ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૩૮૬ લાખ કરોડ થઈ ગયું, સેન્સેક્સ ૭૯૦ પોઈન્ટ અને નિફ્ટી ૨૪૭ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ, તા.૨૮

બુધવારે મિડકેપ, સ્મોલ કેપ અને માઈક્રો કેપ સૂચકાંકોમાં બે ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. શેરબજારમાં ભારે વેચવાલીના કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬ લાખ કરોડનો ઘટાડો થયો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ તમામ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૩૮૬ લાખ કરોડ થઈ ગયું છે. બુધવારે બીએસઈસેન્સેક્સ ૭૯૦ પોઈન્ટ ઘટીને ૭૨,૩૦૪ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૪૭ પોઈન્ટ ઘટીને ૨૧૯૫૧ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

બુધવારે શેરબજારના અસ્થિર ટ્રેડિંગ સમયગાળા દરમિયાન, કામધેનુ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ, ઓમ ઈન્ફ્રા, સ્ટોવ ક્રાફ્ટ અને બ્રાન્ડ કન્સેપ્ટના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે હિન્દુસ્તાન ઝિંક, એચડીએફસી લાઈફ, એક્સિસ બેંક, ટાટા મોટર્સ, એનએમડીસી લિમિટેડ, ટાટા મોટર્સ, એનએમડીસી લિમિટેડના શેરમાં નબળાઈ જોવા મળી હતી. લાર્સન એન્ડ ટુબ્રો, એચડીએફસી બેંક, નેસ્લે ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંક, ગ્લોબસ સ્પિરિટ, કોટક મહિન્દ્રા બેંક, ઓએનજીસી, પંજાબ એન્ડ સિંધ બેંક, યુપીએલ લિમિટેડ, દેવયાની ઈન્ટરનેશનલ, એશિયન પેઈન્ટ્સ અને મહિન્દ્રાના શેરમાં નોંધાયેલ છે.બુધવારે પેટીએમના શેર પણ ૫ ટકાના નુકસાન સાથે બંધ થયા હતા. બુધવારે ગૌતમ અદાણી ગ્રુપની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેરમાં ભારે ઘટાડો નોંધાયો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સનો શેર ૪.૫૨ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો જ્યારે અદાણી વિલ્મર ૧.૫૫ ટકાની નબળાઈ સાથે બંધ થયો હતો.

બુધવારે શેરબજારના કારોબાર દરમિયાન પાવર ગ્રીડ, એપોલો હોસ્પિટલ, આઈશર મોટર્સ, ઈન્ડસઈન્ડ બેંક, મારુતિ સુઝુકી, બજાજ ઓટો અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેર ટોપ લૂઝર્સની યાદીમાં સામેલ હતા.

શેરબજારના ટોપ ગેનર્સની યાદીમાં એચયુએલ,ઈન્ફોસિસ, ટીસીએસઅને ભારતી એરટેલના શેર સામેલ હતા. ડૉ. રેડ્ડીઝ લેબ, સન ફાર્મા, ટાટા મોટર્સ, સિપ્લા, ટાટા કન્ઝ્યુમર અને પાવર ગ્રીડના શેર ૫૨ સપ્તાહની ટોચની નજીક ટ્રેડ થઈ રહ્યા છે.

પેજ ઈન્ડસ્ટ્રીઝ, અતુલ, શારદા ક્રોપ કેમ, ઓરિએન્ટ રિફ્લેક્ટરીઝ અને જીએમ ફોલ્ડરના શેર ૫૨ સપ્તાહની નીચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યા છે.

બુધવારે તમામ ઈન્ડેક્સ રેડમાં કામ કરી રહ્યા હતા. નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપમાં બે ટકાથી વધુની નબળાઈ હતી, જ્યારે નિફ્ટી આઈટી, નિફ્ટી બેંક અને નિફ્ટી એફએમસીજી એક ટકાની નબળાઈ સાથે બંધ થયા હતા.

શેરબજારના નિષ્ણાતો કહે છે કે શ્રીરામ ફાઈનાન્સ, ભેલ, જીઈ શિપિંગ, એનએમડીસી, શોપર્સ સ્ટોપ અને બજાજ ફિનસર્વના શેરમાં મંદીનું મૂવિંગ એવરેજ ક્રોસઓવર બની રહ્યું છે અને આ શેર્સમાં નબળાઈ નોંધાઈ શકે છે.

### જેપી મોર્ગનના વાઈસ પ્રેસીડેન્ટનો સનસનાટી મચાવતો દાવો

# ગુજરાતના ગિફ્ટસિટીમાં જાતિ આધારિત ભેદભાવ થયાની ફરિયાદ

### ગુજરાતની ગિફ્ટ સિટીમાં મેં એક ફ્લેટ ખરીદવાનો પ્રયાસ કર્યો હતો જ્યાં મને મારી જાતિના કારણે ઘર ફાળવવાની ના પાડી દેવામાં આવી

નવી દિલ્હી, તા.૨૮

જેપી મોર્ગનના વાઈસ પ્રેસીડેન્ટ અનિરુદ્ધ કેજરીવાલે એક સનસનાટી મચાવતો દાવો કર્યો છે. તેમણે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર ગુજરાતમાં જાતિ આધારિત ભેદભાવ થયાની ફરિયાદ કરીને સૌને ચોંકાવી દીધા હતા. તેમણે કહ્યું કે ગુજરાતની ગિફ્ટ સિટીમાં મેં એક ફ્લેટ ખરીદવાનો પ્રયાસ કર્યો હતો જ્યાં મને મારી જાતિના કારણે ઘર ફાળવવાની ના પાડી દેવામાં આવી. તેમણે એવો દાવો પણ કર્યો કે તેમને ધમકાવવામાં પણ આવ્યા હતા. ૩૦ જેટલાં લોકોએ તેમને ઘેરીને ધમકાવ્યા કે જો તેઓ તેમની ધમકી છતાં ઘર ખરીદવાનો પ્રયાસ કરશે તો તેમનું જીવવું મુશ્કેલ થઈ જશે. પરિવારને પણ અનેક તકલીફો વેઠવી પડશે.

એક પછી એક ટ્વિટમાં કેજરીવાલે ગાંધીનગર ખાતે આવેલી ગિફ્ટ સિટીમાં આ દુઃસ્વપ્ન સમાન ઘટના બની હોવાનો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે સોસાયટીના મેનેજમેન્ટ દ્વારા મને મારી જાતિના કારણે જ ફ્લેટ આપવાની ના પાડી દેવામાં આવી. ગુજરાત પોલીસ, ગુજરાતના મુખ્યમંત્રી અને અન્ય કેટલાક સહયોગીઓને ટાંકતા તેમણે પોસ્ટમાં લખ્યું કે મેં ફ્લેટ ખરીદવા માટે એડવાન્સ રકમ પણ ચૂકવી દીધી હતી અને વેચાણ કરાર ફાઈનલ કરવાની તૈયારીમાં જ હતું પરંતુ સોસાયટીના વેચાણકાર તરફથી એનઓસી આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હતા જેનાથી મને ખતરાની ઘંટડીનો આભાસ તો થયો હતો પરંતુ મામલો આટલો ગંભીર છે તેનાથી હું વાકેફ નહોતો.

તેમણે આગળ ટ્વિટમાં જણાવ્યું કે મને સોસાયટીના ચેરમેન અને મેનેજમેન્ટ તરફથી સ્પષ્ટપણે કહી દેવામાં આવ્યું કે હું અન્ય જાતિનો હોવાથી મને અહીં ઘર નહીં ફાળવાય. તેઓ મને અહીં રહેવાની પરવાનગી નહીં આપે. આ ઘટનાને કારણે મને ઘેરો આઘાત લાગ્યો છે. કેજરીવાલે આરોપ મૂક્યો કે મને ૩૦ જેટલાં લોકોએ ઘેરી લીધો હતો અને ધમકાવ્યો કે જો હું ફ્લેટ ખરીદીની પ્રક્રિયામાં આગળ વધીશ તો ગંભીર પરિણામો ભોગવવાનો વારો આવશે. તેમણે મારી પાસે મારા વંશ અને જાતિના પુરાવા પણ માગી લીધા અને મેં આપ્યા પણ ખરાં.

અનિરુદ્ધ કેજરીવાલે કહ્યું કે આ ભેદભાવની ઘટનાને કારણે નાણાકીય વ્યવસ્થાઓથી લઈને પર્સનલ અરેન્જમેન્ટ સુધીની મારી સંપૂર્ણ તૈયારીઓ હવે મુશ્કેલીમાં મૂકાઈ છે. ભારત માટે વિકાસનું એન્જિન ગણાતાં ગુજરાતમાં મારી સાથે આવી ઘટના બની તે આંચકાજનક છે. આ મારા માટે એક દુઃસ્વપ્ન સમાન બાબત છે.

તેઓએ મને ધમકાવ્યો કે જો હું ગમે તેમ કરીને પણ જો ફ્લેટ ખરીદવામાં સફળ થઈ જઈશ તો તેઓ મારા જીવનની ખુશીઓ છીનવી લેશે અને મારા તથા પરિવાર માટે મોટી મુશ્કેલીઓ ઊભી કરશે. મેં સિંગાપોર જવાની તક છોડીને મુંબઈથી ગુજરાતમાં શિફ્ટ થવાનો નિર્ણય કર્યો હતો પરંતુ આ જાતિગત ભેદભાવને લીધે મારું સપનું રોળાઈ ગયું છે. તેમણે કહ્યું કે હું મારા અધિકારો અને મારા રોકાણને ફરી પ્રાપ્ત કરવા કાનૂની પ્રક્રિયાનો સહારો લઈશ.

### એક ગોળો છોડતા જ બની જાય તળાવ

# વિશ્વની સૌથી મોટી તોપ, જેને ખેંચીને હાથી પણ થાકી જાય

### જયબાણ તોપનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આ વિશાળ તોપને હાથી દ્વારા જ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે

નવી દિલ્હી, તા.૨૮

પ્રાચીન સમયથી યુદ્ધમાં શસ્ત્રોનું પ્રભુત્વ છે. સૈન્ય પાસે જે શસ્ત્રો છે તે મુજબ યુદ્ધ લડવામાં આવે છે. કેટલાક શસ્ત્રો એવા હોય છે જે લગભગ દરેક યુદ્ધમાં મહત્વપૂર્ણ હોય છે. તોપની જેમ, તેનો એક ગોળો ઘણા લોકોને નુકસાન પહોંચાડે છે. પ્રાચીન સમયમાં, તોપ યુદ્ધનો એક મહત્વપૂર્ણ ભાગ હતો અને આજે પણ તોપ સેનાઓ પર પ્રભુત્વ ધરાવે છે. બાબરે પ્રથમ વખત તોપનો અસરકારક ઉપયોગ કર્યો હતો. આવી જ એક અનોખી તોપ, જે હજુ પણ સુરક્ષિત સ્થિતિમાં રાખવામાં આવી છે. તેને વિશ્વની સૌથી મોટી તોપ કહેવામાં આવે છે.

આજે પણ જયપુરના જયગઢ કિલ્લામાં જયબાણ તોપ સુરક્ષિત રાખવામાં આવી છે. જયબાણ તોપ મહારાજા સવાઈ જયસિંહ II (૧૬૯૯-૧૭૪૩) ના શાસન દરમિયાન જયગઢમાં બનાવવામાં આવી હતી. તેણે તેના સામ્રાજ્યના રક્ષણ માટે તેનું નિર્માણ કર્યું હતું. આ એકમાત્ર વિશાળ તોપ છે, જે યુદ્ધ માટે બનાવવામાં આવી હતી. પરંતુ, આ તોપનો ઉપયોગ ક્યારેય યુદ્ધ માટે થયો જ નહીં. જયબાણ તોપનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આ વિશાળ તોપને હાથી દ્વારા જ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે. જયબાણ તોપના બેરલની લંબાઈ ૬.૧૫ મીટર (૨૦.૨ ફૂટ) છે. અને તેનું વજન ૫૦ ટન છે. બેરલની ટોચની નજીકનો પરિઘ ૨.૨ મીટર (૭.૨ ફૂટ) છે અને પાછળનો પરિઘ ૨.૮ મીટર (૯.૨ ફૂટ) છે. બેરલનો બોર વ્યાસ ૧૧ ઈંચ છે. ટોચ પર બેરલની જાડાઈ ૮.૫ ઈંચ છે. આ તોપ કિલ્લાની અંદર જ બનાવવામાં આવી હતી. જયબાણ તોપ બે વિશાળ પૈડા પર બનાવવામાં આવી હતી. આમાં એક વ્હીલનો વ્યાસ લગભગ ૧.૩૭ મીટર (૪.૫ ફૂટ) છે. આ ઉપરાંત, વાહનમાં પરિવહન માટે બે દૂર કરી શકાય તેવા વધારાના વ્હીલ્સ પણ છે, જેનો વ્યાસ લગભગ ૯ ફૂટ છે. આશરે ૧૦૦ કિલો ગનપાઉડર સાથે ૫૦ કિલો વજનના શેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટ્રાયલ તરીકે એક વખત ચલાવવામાં પણ આવી હતી. એવું માનવામાં આવે છે કે, જયબાણ તોપનું માત્ર એક જ વાર પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યારે તે ફોડવામાં આવી ત્યારે તે શેલ લગભગ ૩૫ કિલોમીટર દૂર આવેલા ચક્ષુ નામના નગરમાં પડ્યો હતો અને ત્યાં પડતાં તળાવનું નિર્માણ થયું હતું. જયપુરના જયગઢ કિલ્લામાં ઘણી ઐતિહાસિક વસ્તુઓ છે. પરંતુ, સૌથી કિંમતી જયબાણ તોપ છે. તેને જોવા માટે હજારો પ્રવાસીઓ અહીં આવે છે. જયબાણ તોપ જોવા માટે એક ટિકિટ ૫૦ રૂપિયા છે. આ તોપ એટલી મજબૂત બનાવવામાં આવી છે કે, વર્ષો પછી પણ તેને કાટ લાગ્યો નથી. આ તોપ હજુ પણ એવી જ દેખાય છે. જયબાણ તોપ જયપુરના રાજાઓ માટે બ્રહ્માસ્ત્રથી ઓછી ન હતી. આથી આજે પણ રાજવી પરિવાર દ્વારા તહેવારો દરમિયાન આ જયબાણ તોપની પૂજા કરવામાં આવે છે.

### દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નરનો સંઘર્ષ જારી

# દિલ્હીના એલજીએ દિલ્હી સરકારની સોલાર પોલિસી પર રોક લગાવી

### કેજરીવાલ સરકારનો દાવો છે કે આ સોલાર પોલિસીના અમલથી દિલ્હીમાં વીજળીનું બિલ લગભગ શૂન્ય થઈ જશે, પરંતુ એલજીએ આ પોલિસી પર પ્રતિબંધ મૂકી દીધો

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર બીકે સક્સેના વચ્ચેનો સંઘર્ષ અટકતો જણાતો નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ એલજીએ દિલ્હી સરકારની સોલર પોલિસી પર રોક લગાવી દીધી છે. સીએમ કેજરીવાલે થોડા દિવસો પહેલા પ્રેસ કોન્ફરન્સમાં સોલર પોલિસીની જાહેરાત કરી હતી. કેજરીવાલ સરકારનો દાવો છે કે આ સોલાર પોલિસીના અમલથી દિલ્હીમાં વીજળીનું બિલ લગભગ શૂન્ય થઈ જશે. પરંતુ એલજીએ આ પોલિસી પર પ્રતિબંધ મૂકી દીધો છે. કેજરીવાલ સરકારે જાન્યુઆરીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં નવી સોલર પોલિસી લાગુ કરવાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત બધા લોકોને તેમના ઘરની છત પર સોલાર પેનલ લગાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને જે લોકો પોતાના ઘરની છત પર સોલાર પેનલ લગાવે તેમને મફત વીજળી આપવાની તૈયારી હતી. સોલાર પેનલ લગાવવા માટે કેજરીવાલ સરકાર સબસિડી પણ આપવાની હતી.

હાલમાં દિલ્હીમાં ૨૦૦ યુનિટ સુધીની વીજળી મફત છે. ૪૦૦ યુનિટ સુધી વીજળીનો વપરાશ કરનારાઓ પાસેથી અડધો વીજ બિલ વસૂલવામાં આવે છે અને જેઓ ૪૦૦ યુનિટથી વધુ વીજળીનો વપરાશ કરે છે તેમના પાસેથી સંપૂર્ણ વીજળીનું બિલ વસૂલવામાં આવે છે. કેજરીવાલ સરકાર દ્વારા તેમની દિલ્હી સોલર પોલિસીને લઈને ઘણા મોટા મોટા દાવા કરવામાં આવ્યા હતા. સૌથી મોટો દાવો તો એવો કરવામાં આવ્યો હતો કે આ યોજના અંતર્ગત ગરીબ અને અમીર બધાના જ વીજળીના બિલ શૂન્ય થઈ જશે અને કમર્શિયલ વપરાશ માટેનું વીજળીનું બિલ પણ અડધું થઈ જશે. આ ઉપરાંત લોકોને પોતાની સૌર ઉર્જા વેચીને કમાણી કરવાનો મોકો પણ મળશે. સોલાર પેનલ લગાવ્યા બાદ ગ્રાહકોને ૨૫ વર્ષ સુધી મફત વીજળી મળશે. સોલાર પેનલ લગાવવા માટે લાગતો ખર્ચ પણ ચાર વર્ષમાં વસૂલ થઈ જશે.

જોકે, હવે એલજી વિનય કુમાર સક્સેનાએ દિલ્હી સરકારની સોલર પોલિસી પર પ્રતિબંધ મૂકી દેતા આગામી દિવસોમાં દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર વચ્ચેનો સંઘર્ષ વધુ ઘેરો બનશે એ નક્કી જ છે.

### હિમાચલમાં રાજકીય ખેંચતાણ વચ્ચે મુખ્યમંત્રી પત્રકારોને મળ્યા

# મારા રાજીનામાની અફવા ભાજપે ફેલાવી : સુખવિંદર સિંહ સુક્ખુ

## રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગને કારણે અમારી સરકારને તોડી પાડવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હોવાનો જયરામ રમેશનો દાવો

સિમલા, તા.૨૮

હિમાચલ પ્રદેશમાં ચાલી રહેલી રાજકીય ખેંચતાણ વચ્ચે મીડિયા સામે રજૂ થતાં મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુએ કહ્યું કે હું એ સ્પષ્ટ કરી દેવા માગુ છું કે મેં રાજીનામું નથી આપ્યું.

બજેટ દરમિયાન અમે બહુમતી સાબિત કરીશું. હિમાચલમાં પાર્ટીની સરકાર પાંચ વર્ષ સુધી ચાલશે. સુક્ખુએ દાવો કર્યો કે ભાજપના ઘણાં ધારાસભ્યો છે જે અમારા સંપર્કમાં છે. તેમણે કહ્યું કે મારા રાજીનામાની અફવા ભાજપે ફેલાવી હતી અને હું તેનાથી ડરવાનો નથી. મેં ઘણું સંઘર્ષ કર્યું છે. હું કોઈનાથી ડરીશ નહીં.

ઉલ્લેખનીય છે કે હિમાચલ પ્રદેશમાં રાજકીય ખેંચતાણની સ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી સુખવિંદર સુક્ખુએ રાજીનામાની ઓફર કરી હતી. સૂત્રોએ એવો દાવો કર્યો હતો કે સુખ્ખુની સરકાર બચાવવા માટે પાર્ટી તરફથી મોકલાયેલા નિરીક્ષકો સમક્ષ તેમણે આ ઓફર કરી હતી.

હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ સરકારના સંકટ પર જયરામ રમેશે કહ્યું કે અમારી પ્રાથમિકતા હિમાચલ પ્રદેશમાં સરકાર બચાવવાની છે કારણ કે ત્યાંના લોકોએ ભાજપને નકારી કાઢ્યો હતો અને અમારી પાર્ટીને સ્પષ્ટ બહુમતી આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગને કારણે અમારી સરકારને તોડી પાડવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

અમારા ત્રણ મોટા નેતા શિમલામાં છે, અમારે આકરા નિર્ણયો લેવા પડશે. અમે આકરા નિર્ણયો લેવામાં જરાય સંકોચ નહીં કરીએ. તેમણે કહ્યું કે અમારા નિરીક્ષકો તમામ ધારાસભ્યો સાથે વાત કરશે. જેના પછી હાઈકમાન્ડને રિપોર્ટ સોંપવામાં આવશે. અમને જે આદેશ મળ્યો છે તે અમે પૂર્ણ કરીશું. કોંગ્રેસ માટે પક્ષ અને સંગઠન સર્વોપરી છે.

### લોકસભાની ચૂંટણી સંદર્ભે કોંગ્રેસની ક્વાયત

# કેરળમાં કોંગ્રેસ અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ વચ્ચે બેઠકોની વહેંચણી

## કોંગ્રેસ કેરળમાં ૨૦માંથી ૧૬ બેઠકો પરથી લોકસભાની ચૂંટણી લડશે

તિરુવનંતપુરમ, તા.૨૮

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કેરળમાં કોંગ્રેસ અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) વચ્ચે બેઠકોની વહેંચણી કરવામાં આવી છે. કોંગ્રેસ આ વખતે દેશના લગભગ તમામ રાજ્યોમાં ગઠબંધન હેઠળ ચૂંટણી લડી રહી છે ત્યારે હવે કેરળમાં પણ બેઠકોની વહેંચણી પર સર્વસંમતિ સધાઈ છે. ટૂંક સમયમાં પાર્ટી તેના લોકસભા ચૂંટણીના ઉમેદવારો જાહેર કરશે.

કોંગ્રેસ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) સાથે ગઠબંધન કરીને કેરળમાં ચૂંટણી લડશે. બંને વચ્ચે સીટ વહેંચણીને લઈને સમજૂતી થઈ છે. કોંગ્રેસ કેરળમાં ૨૦માંથી ૧૬ બેઠકો પરથી લોકસભાની ચૂંટણી લડશે, જ્યારે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ) બે (મલપ્પુરમ અને પોન્નાની) બેઠકો પરથી, રિવોલ્યુશનરી સોશ્યલિસ્ટ પાર્ટી (આરએસપી) એક (કોલ્લમ) બેઠક પરથી અને કેરળ કોંગ્રેસ એક (કોટ્ટાયમ) બેઠક પરથી ચૂંટણી લડશે. મુસ્લિમ લીગે વધારાની બેઠકની માંગણી કરી હતી અને કોંગ્રેસ તેમને એક રાજ્યસભા સીટ આપવા સંમત થઈ છે.

નોંધનીય છે કે ગઠબંધન ઈન્ડિયામાં સામેલ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈ)એ કેરળમાં કોંગ્રેસને આકરો પડકાર આપ્યો છે. સીપીઆઈ કેરળમાં અલગથી ચૂંટણી લડવા જઈ રહી છે. તેમણે પોતાના ચાર ઉમેદવારો પણ જાહેર કર્યા છે. સીપીઆઈએ વાયનાડથી રાહુલ ગાંધી અને તિરુવનંતપુરમથી શશિ થરૂર સામે ઉમેદવારોની જાહેરાત કરી છે.

### પાકિસ્તાની શખસો ઈરાની બોટમાં સવાર હતા

# અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો

## અંદાજીત ૨ હજાર કરોડની કિંમતનું ૩,૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું સામે આવ્યું છે

અમદાવાદ, તા.૨૮

પોરબંદર અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. જેમાં અંદાજીત ૨ હજાર કરોડની કિંમતનું ૩,૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું સામે આવ્યું છે.

એનસીબી, ગુજરાત એટીએસ તથા નેવી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી આ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. જેમાં અલગ અલગ ત્રણ પ્રકારનાં ડ્રગ્સ મળી આવ્યાં છે.

ડ્રગ્સના જથ્થા સાથે બોટમાં સવાર પાંચ જેટલા પાકિસ્તાની ક્રૂ મેમ્બરની ધરપકડ કરવામાં આવી છે. બોટમાંથી પકડાયેલા આરોપીઓનું પહેલા મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. બાદમાં તેમને પોરબંદર કોર્ટમાં રજૂ કરી ૧૫ દિવસના રિમાન્ડની માંગણી કરાઈ છે. પાકિસ્તાની શખસો ઈરાની બોટમાં સવાર હતા. જેમના વિરૂદ્ધ પોરબંદરના નવીબંદર મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયો છે. આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે આ ડ્રગ્સનો જથ્થો ક્યા જતો હતો અને કોને આપવાનો હતા અન્ય કોણ કોણ શખશો તેમાં સામેલ છે તે અંગે તપાસ હાથ ધરાઈ છે.

ગુજરાતનો દરિયા કિનારો જાણે ડ્રગ્સ માફિયા માટે સોફ્ટ ટાર્ગેટ બની ગયો હોત તેમ વારંવાર ડ્રગ્સ ઘુસાડવા અને અન્ય દેશ અને રાજ્યોમાં મોકલવા માટે આ જ રસ્તાનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું અલગ અલગ એજન્સીઓના ધ્યાને આવ્યું છે. તેવામાં પોરબંદર અરબી સમુદ્રથી અત્યાર સુધીમાં સૌથી મોટો આવતો ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યું છે. ત્રણ એજન્સીઓના સયૂક્ત ઓપરેશનથી આ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. તેવામાં પકડાયેલા લોકોની પુછપરછ હાથ ધરવામાં આવી છે આ જથ્થો ક્યાથી ક્યા જતો હતો તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

તેવમાં ગુજરાતમાં અગાઉ પણ આવા મોટા ડ્રગ્સના જથ્થા પકડાઈ ચુક્યા છે તેવામાં ડ્રગ્સ ગુજરાતમાં રો મટીરીયલ તૈયાર કરી બહાર મોકલવાના કિસ્સા પણ અનેક સામે આવ્યા છે. જોકે મોટા ભાગના કેસોમાં ડ્ર્ગ્સ સાથે પકડાયેલા માણસો પકડાતા હોય છે અને મોકલનાર અને ડ્રગ્સની ડિલિવરી લેનાર પકડાતા નથી આમ આ કિસ્સામાં પણ શું થાય છે તે આગામી સમયમાં જોવા મળશે.

### લિમિટથી વધારે જમીન રાખી તો જવુ પડી શકે છે જેલ!

# ભારતમાં જમીન ખરીદવાની મહત્તમ મર્યાદા બધા રાજ્યોમાં અલગ-અલગ

## ભારતમાં ખેતી યોગ્ય જમીન કેટલી મર્યાદા સુધી રાખી શકાય છે, તેને લઈને કોઈ કાયદો નથી

નવી દિલ્હી, તા.૨૮

ભારતના સંવિધાને દેશના બધા નાગરિકોને સમાન અધિકારી અને ન્યાયપૂર્ણ જીવન આફવાનો અધિકાર આપ્યો છે. પરંતુ, ક્યારેક-ક્યારેક જાણકારીના અભાવમાં માણસ ભૂલ કરી બેસે છે અને ત્યારે પછતાવો થાય છે, જ્યારે તે કાયદાની જાળમાં ફંસાઈ જાય છે. આજે અમે તમને એવા જ એક કાયદા વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેનું ઉલ્લંઘન દરેક વ્યક્તિ અથવા તેમની આસપાસ રહેતા લોકો કરે છે. જો કે, મોટાભાગના લોકો આ પ્રકારની ભૂલ જાણકારીના અભાવમાં કરે છે. સોના, ચાંદી અને રૂપિયાના પ્રકારે જમીન રાખવાની પણ એક મર્યાદા નક્કી કરવામાં આવે છે. જો તમારી પાસે એક નિશ્ચિત મર્યાદા કરતા વધારે જમીન મળે છે, તો તમારા પર કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. જાણકારી અનુસાર, ભારતમાં ખેતી યોગ્ય જમીન કેટલી મર્યાદા સુધી રાખી શકાય છે, તેને લઈને કોઈ કાયદો નથી. પરંતુ દેશભરમાં દરેક રાજ્યોએ જમીન રાખવાની એક નિશ્ચિત મર્યાદા નક્કી કરી રાખી છે, એટલા માટે એવું નથી કે તમે ૧૦૦ એકર અને ૧૦૦૦ એકર જમીન ખરીદી રાખી શકો છો. પરંતુ ભારતમાં જમીન ખરીદવાની મહત્તમ મર્યાદા બધા રાજ્યોમાં અલગ-અલગ છે. પૂરા દેશમાં જમીન રાખવા માટે એક સરખો કાયદો નથી. ભારતમાં જમીનદારી પ્રથા નાબૂદ કર્યા પછી, કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને આ અધિકાર આપી દીધો છે. દેશમાં વ્યક્તિ ઈચ્છે તેટલી જમીન ધરાવી શકતો નથી. ભારતમાં જમીન ખરીદવાની મર્યાદા વિવિધ રાજ્યોની ભૌગોલિક સ્થિતિ અનુસાર નક્કી કરવામાં આવી છે. દરેક રાજ્યોએ ખેતીલાયક જમીનની મર્યાદા નક્કી કરી છે.

આ માટે આખા દેશમાં એક સમાન કાયદો નથી. જમીન સુધારો અધિનિયમ ૧૯૫૪ દેશમાં જમીનદારી પ્રથાને નાબુદ કરવા માટે બનાવવામાં આવ્યો હતો. આ અધિનિયમ આવ્યા બાદ દરેક રાજ્યોના જમીન રાખવા મુદ્દે નિયમ અલગ-અલગ છે. કેરળમાં, લેન્ડ એમેન્ડમેન્ટ એક્ટ ૧૯૬૩ હેઠળ, અપરિણીત વ્યક્તિ ફક્ત ૭.૫ એકર સુધીની જમીન ખરીદી શકે છે. તે જ સમયે, ૫ સભ્યોનો પરિવાર ૧૫ એકર સુધીની જમીન ખરીદી શકે છે. મહારાષ્ટ્રમાં ખેતીલાયક જમીન તે જ ખરીદશે જેઓ પહેલેથી જ ખેતીમાં છે. અહીં મહત્તમ મર્યાદા ૫૪ એકર છે. પશ્ચિમ બંગાળમાં વધુમાં વધુ ૨૪.૫ એકર જમીન ખરીદી શકાય છે. તે જ સમયે, બિહારમાં તમે ૧૫ એકર સુધીની ખેતીની જમીન ખરીદી શકો છો. હિમાચલ પ્રદેશમાં ૩૨ એકર જમીન ખરીદી શકાય છે. કર્ણાટકમાં ૫૪ એકર જમીન ખરીદી શકાય છે અને અહીં પણ મહારાષ્ટ્રનો નિયમ લાગૂ છે. ઉત્તર પ્રદેશમાં એક વ્યક્તિ મહત્તમ ૧૨.૫ એકર ખેતી યોગ્ય જમીન ખરીદી શકે છે. દેશમાં દરેક રાજ્યોને એટલા માટે જમીન બનાવવાનો કાયદો આપવામાં આવ્યો છે, કારણ કે તેમની ભૌગોલિક સ્થિતિ અલગ છે. સ્થાનિક નિવાસી, આદિવાસી ભૂમિ, લાલ ડોરાની જમીન ઘણા પ્રકારની જમીન સરકારની પાસે છે, જેના પર રાજ્ય સરકારોને હક આપવામાં આવ્યો છે. જો પડોશીં દેશ પાકિસ્તાનની વાત કરીએ, તો અહીં પ્રોપર્ટી હેરિટન્સ એક્ટમાં જમીન રાખવાની જોગવાઈ છે. પરંતુ અહીં પણ ભારતની જેમ દરેક રાજ્યના નિયમો અલગ-અલગ છે. આ જ સ્થિતિ બાંગ્લાદેસમાં પણ છે. બાંગ્લાદેશમાં પણ જમીન રાખવા માટે કોઈ નક્કી કાયદો નથી. અંગ્રેજો દ્વારા પસાર કરાયેલા કાયદા હજુ પણ ત્રણેય દેશોમાં સંશોધિત સ્વરૂપમાં લાગુ છે. એકંદરે, ભારતમાં, જો તમે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ જમીન ધરાવો છો, તો તમારે જેલ જવું પડી શકે છે.

### ૨૦૭ દર્દીઓને તપાસી તેમના ફેફસાંની કામગીરી વિશે અભ્યાસ કરાયો

# કોરોનાને લીધે ભારતીયોના ફેફસાને સૌથી વધુ નુકસાન

## કોરોનાના ચેપમાંથી સાજા થયા બાદ બે મહિના પછી પણ ભારતીયોના શ્વસનતંત્રમાં સમસ્યાઓ હોવાનું જણાયું

નવી દિલ્હી, તા.૨૮

કોરોના મહામારીને કારણે ભારતીયોના ફેફસાંને વધારે નુકશાન થવાને કારણે અડધા જેટલાં દર્દીઓને શ્વાસ ચઢી જવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડયો હોવાનું એક અભ્યાસમાં તારણ કાઢવામાં આવ્યું છે. ધ ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ-સીએમસી-વેલ્લોર દ્વારા ૨૦૭ દર્દીઓને તપાસી તેમના ફેફસાંની કામગીરી વિશે અભ્યાસ કરવામાં આવ્યો હતો જેને પ્લોસ ગ્લોબલ હેલ્થ પબ્લિક હેલ્થ નામની જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં જણાયું હતું કે કોરોનાના ચેપમાંથી સાજા થયા બાદ બે મહિના પછી પણ ભારતીયોના શ્વસનતંત્રમાં સમસ્યાઓ હોવાનું જણાયું હતું. આ અભ્યાસ માટે તપાસવામાં આવેલાં દર્દીઓમાંથી ૪૯.૩ ટકાને શ્વાસ ચઢી જવાની અને ૨૭.૧ ટકાને કફની સમસ્યા થઈ હોવાનું જણાયું હતું. આ અભ્યાસમાં ચીન અને યુરોપમાં થયેલાં અભ્યાસના ડેટાની સરખામણી કરાઈ હતી. ઈટાલીમાં કરવામાં આવેલાં અભ્યાસમાં ૪૩ ટકા લોકોને શ્વાસ ચઢી જવાની અને ૨૦ ટકા કરતાં ઓછાં લોકોને કફની સમસ્યા થઈ હતી. જ્યારે ચીનમાં કરવામાં આવેલા અભ્યાસ અનુસાર આ સમસ્યાઓનું પ્રમાણ ભારતીય દર્દીઓ કરતાં ઓછું જણાયું હતું.

સીએમસી વેલ્લોર ખાતે પલ્મોનરી મેડિસિનના પ્રોફેસર અને મુખ્ય સંશોધક ડી.જે. ક્રિસ્ટોફરે જણાવ્યું હતું કે આ અભ્યાસ પરથી સ્પષ્ટ થયું છે કે ભારતીય દર્દીઓને અન્ય દેશોના દર્દીઓની સરખામણીમાં ફેફસાંની કામગીરીને વધારે અસર થઈ હતી. ભારતીયોના ફેફસાંઓને જ કેમ વધારે અસર થઈ તેના ચોક્કસ કારણો જાણવાનું તો અશક્ય છે પણ અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં અન્ય રોગો ધરાવતાં દર્દીઓનું પ્રમાણ વધારે હતું. અભ્યાસમાં જણાર્યું હતું કે ૭૨.૫ ટકા દર્દીઓને ડાયાબિટિસ, હાઈપર ટેન્શન અને ફેફસાંની અન્ય બિમારી થયેલી હતી. ફેફસાંના પરીક્ષણમાં જણાયું હતું કે ૪૪.૪ ટકા દર્દીઓમાં ઓક્સિજનને રક્તમાં ટ્રાન્સફર કરવાની ફેફસાંની ક્ષમતાને અસર થઈ હતી. જેના કારણે ઘણાંને વેન્ટિલેટર પર રાખવાની ફરજ પડી હતી.

ફેફસાંને નુકશાન કરનારૂ બીજું મોટું પરિબળ હવાનું પ્રદૂષણ હોઈ શકે જેને કારણે આપણાં ફેફસાંને નુકશાન થાય છે અને રોગપ્રતિકારક ક્ષમતા પણ ઘટે છે. દિલ્હીના પલ્મોનોલોજિસ્ટ વિવેક નાંગિયાએ જણાવ્યું હતું કે દેશમાં ૨૦૨૨માં સત્યાવીસ લાખ કરતાં વધારે ટીબીના દર્દીઓ હતા. ટીબી વધારે પ્રમાણમાં ફેલાયેલો હોવાથી પણ ફેફસાંને વધારે નુકસાન થયું હોવાનું બની શકે. જો કે, ક્રિસ્ટોફરે જણાવ્યું હતું કે આ અભ્યાસ સમયે એકપણ દર્દીને ટીબી થયેલો નહોતો.

### કોઈપણ કારણ વગર કરી દીધી બેન

# મુસ્લિમ દેશોની આંખમાં ફરી આર્ટિકલ ૩૭૦ ખટક્યું

## આર્ટિકલ ૩૭૦ પહેલી એવી બોલિવૂડ ફિલ્મ નથી, જેના પર બેન લગાવવામાં આવ્યો હોય, તેની પહેલા પણ ઘણી ફિલ્મો પર મુસ્લિમ દેશ બેન લગાવી ચુક્યા છે

મુંબઈ, તા.૨૮

યામી ગૌતમની ફિલ્મ આર્ટિકલ ૩૭૦ ગત ૨૩ ફેબ્રુઆરીએ થિયેટર્સમાં રિલીઝ થઈ હતી. રિલીઝની સાથે જ આ ફિલ્મે બોક્સ ઓપિસ પર ધૂમ મચાવી દીધી. ફિલ્મે ફક્ત ૩ જ દિવસમાં ૩૪.૭૧ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. પરંતુ આ ફિલ્મ મુસ્લિકમ દેશોની આંખમાં ખટકવા લાગી છે. આટલું જ નહીં 'ખાડી દેશોએ આ ફિલ્મ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ફારસની ખાડી નજીક આવેલા ૬ મુસ્લિમ દેશોને ખાડી દેશ કહેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે કુવૈત, ઓમાન, સાઉદી અરબ, સંયુક્ત અરબ અમીરાત, કતર અને બહેરીનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આ ૬ દેશોમાંથી 'સંયુક્ત અરબ અમીરાતે' આર્ટિકલ ૩૭૦ પર પ્રતિબંધ નથી લગાવ્યો. અન્ય ૫ દેશોમાં આ ફિલ્મને બૅન કરી દેવામાં આવી છે. જો કે 'આર્ટિકલ ૩૭૦' પહેલી એવી બોલિવૂડ ફિલ્મ નથી, જેના પર બૅન લગાવવામાં આવ્યો હોય. તેની પહેલા પણ ઘણી ફિલ્મો પર મુસ્લિમ દેશ બૅન લગાવી ચુક્યા છે. આર્ટિકલ ૩૭૦' ફિલ્મના ડાયરેક્ટર આદિત્ય સુહાષ જાંભાલે ડાયરેક્ટ કરી છે. ફિલ્મની સ્ટોરી યામી ગૌતમના પતિ આદિત્ય ધર, અર્જૂન ધવન અને ડાયરેક્ટર આદિત્યએ લખી છે.

ફિલ્મમાં યામી ગૌતમની સાથે અરુણ ગોવિલે પણ લીડ રોલ કર્યો છે. અરુણ ગોવિલ ફિલ્મમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રોલ કર્યો છે. ફિલ્મની સ્ટોરી કાશ્મીરમાંથી હટાવવામાં આવેલી કલમ ૩૭૦ની આસપાસ ફરે છે. મોદી સરકારે આ ધારાને કાશ્મીરમાંથી હટાવી દીધી છે. જો કે આ ફિલ્મના ઘણા વખાણ થઈ રહ્યાં છે. ફિલ્મને લઈને લોકોએ સોશિયલ મીડિયા પર ઘણી પ્રશંસનીય પોસ્ટ પણ કરી છે. આ ઉપરાંત ફિલ્મને રેટિંગના મામલે પણ લોકોએ આગળ રાખી છે. IMDB પર આ ફિલ્મને ૧૦થી ૮.૮ રેટિંગ આપવામાં આવી છે. તેવામાં ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સારી કમાણી કરી રહી છે. ફિલ્મે પહેલા જ દિવસે ૫ કરોડ ૯ લાખ રૂપિયાનું કલેક્શન કરીને સૌને ચોંકાવી દીધાં હતાં. તે બાદ ફિલ્મના રિવ્યૂ પણ શાનદાર રહ્યાં. જેનાથી બીજા દિવસે પણ થિયેટર્સમાં લોકો ફિલ્મ જોવા પહોંચ્યા. ફિલ્મે બીજા દિવસે ૭ કરોડ ૪ લાખ રૂપિયાની કમાણી કરી હતી. સાથે જ ફિલ્મના ઘણા વખાણ પણ થઈ રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ફિલ્મનો ઉલ્લેખ પોતાના એક ભાષણમાં કર્યો. ફિલ્મે ત્રીજા દિવસે ૯ કરોડ ૬ લાખ રૂપિયાની કમાણી કરીને મેકર્સને ખુશ કરી દીધાં. હજુ પણ ફિલ્મ સિનેમાઘરોમાં સતત છવાયેલી છે. ફિલ્મની વર્લ્ડવાઈડ કમાણી ૩૬ કરોડની પાર પહોંચી ગઈ છે. જલ્દી જ ફિલ્મ ૫૦ કરોડના ક્લબમાં સામેલ થઈ શકે છે. ફિલ્મે ભારત સહિત ખાડી દેશોમાં પણ સારો બિઝનેસ કરવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ આ ફિલ્મને ખાડી દેશોમાં યુએઈ સિવાય તમામ દેશોમાં બૅન કરી દેવામાં આવી છે.

### અમેરિકાએ રશિયાના ૧૪ ટેન્કરને બ્લેક લિસ્ટમાં નાખ્યા છે

# ભારત આવતા ત્રણ રશિયન ટેન્કર પર અમેરિકાનો પ્રતિબંધ

## અમેરિકાએ બ્લેકલિસ્ટેડ ટેન્કરોને ૪૫ દિવસ માટે તેલની નિકાસ કરવાની છૂટ આપી

નવી દિલ્હી, તા.૨૮

ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધ બાદથી ભારત રશિયા પાસેથી ડિસ્કાઉન્ટેડ ભાવે મોટી માત્રામાં તેલ ખરીદી રહ્યું છે. તેલથી ભરેલા રશિયન ટેક્રરો પણ આગામી થોડા અઠવાડિયામાં ભારત પહોંચશે. પરંતુ તે ત્રણ ટેક્રરની ચર્ચા થઈ રહી છે જેના પર અમેરિકા દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આમ છતાં આ ત્રણેય ટેક્રરો ભારત આવી રહ્યા છે. એક અખબાર રિપોર્ટ અનુસાર આગામી કેટલાક અઠવાડિયામાં ભારતીય રિફાઈનિંગ કંપનીઓને ક્રૂડ ઓઈલ પહોંચાડનારા ટેક્રરોમાં ઓછામાં ઓછા ત્રણ ટેક્રર એવા છે કે જેના પર અમેરિકા દ્વારા તાજેતરમાં પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. શુક્રવારે અમેરિકાએ ૧૪ રશિયન ઓઈલ ટેક્રરને બ્લેકલિસ્ટ કર્યા કારણ કે તેઓ પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલી પ્રાઈસ સીમા કરતાં વધુ કિંમતે તેલની નિકાસ કરી રહ્યા હતા. પશ્ચિમી દેશોમાંથી રશિયન તેલની કિંમત બેરલ દીઠ ૬૦ ડોલર છે.અન્ય ટેક્રર એનાટોલી કોલોડકિન પણ એપ્રિલમાં સિક્કા બંદર પહોંચશે. આ મહિનાની શરૂઆતમાં એનાટોલી કોલોડકિન ટેક્રરે વાડીનાર પોર્ટ પર ક્રૂડ ઓઈલ પહોંચાડ્યું હતું. બ્લેક લિસ્ટમાં સામેલ અન્ય એક ટેક્રર એનએસ કેપ્ટન પણ માર્ચ અને એપ્રિલમાં તેલ સાથે વાડીનાર બંદરે પહોંચશે. જો કે, બ્લેકલિસ્ટેડ ટેક્રરોમાંથી ડિલિવરી થવાને કારણે કોઈ મોટી સમસ્યા થવાની કોઈ શક્યતા નથી. કારણ કે અમેરિકાએ બ્લેકલિસ્ટેડ ટેક્રરોને ૪૫ દિવસ માટે તેલની નિકાસ કરવાની છૂટ આપી છે.અમેરિકા સહીત જી-૭ ના અન્ય દેશોએ મળીને સંયુક્ત રીતે ડિસેમ્બર ૨૦૨૨માં રશિયન તેલ પર પ્રાઈસ કેપ લાદવાની જાહેરાત કરી હતી. રિપોર્ટ અનુસાર, રશિયા એક મહિનામાં ચાર ડઝન કાર્ગો ભારતને પહોંચાડે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બ્લેકલિસ્ટેડ ટેક્રરોના ૪૫ દિવસ બાદ ભારતીય રિફાઈન કંપનીઓ આ ટેક્રરોની મદદથી તેલની આયાત નહીં કરે.સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર નથી ઈચ્છતી કે ભારતીય રિફાઈન કંપનીઓ ૪-૭ની પ્રાઈસ કેપનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરે. આવી સ્થિતિમાં, પ્રતિબંધોથી બચવા માટે, કંપનીઓએ ફક્ત માન્ય ટેક્રરોથી જ ડિલિવરી લેવી જોઈએ. છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન, ભારતમાં આવતા રશિયન ટેક્રરો દ્વારા પ્રાઈસ કેપના ઉલ્લંઘનના કિસ્સાઓ સામે આવ્યા છે. જેના કારણે ભારતીય રિફાઈન કંપનીઓએ કાર્ગો સ્વીકારવાનો ઈકાર કરી દીધો છે.

# અંબાજીથી ૨૦ કિમી દૂર દાંતામાં ભૂકંપ

દાંતા, તા.૨૮

બનાસકાંઠા જીલ્લાનાં દાંતામાં ભૂકંપને આંચકો આવતા લોકો ઘરની બહાર દોડ્યા હતા. અંબાજીથી નજીક ૨૦ કિલોમીટર દૂર ભૂકંપનો આંચકો અનુભવાયા હતા. ગ્રામજનોએ ૨ સેકન્ડ સુધી ભૂકંપનાં આંચકાનો અનુભવ કર્યો હતો. વીજળીનાં કડાકા જેવો અવાજ આવતા ગ્રામજનો બહાર દોડી આવ્યા હતા. ભૂકંપમાં જાનમાલને કોઈ નુકશાન થવા પામ્યું નથી.


**પાંજરાપોળ ગૌશાળા અમરેલી**

- પાંજરાપોળ ગૌશાળા અમરેલીમાં લીલો કે સુકો ઘાસચારો મશીન ઉપર કટીંગ કરી શકે તેવા જોડીમાં અથવા બે વ્યકિતની જરૂર છે.
- ટ્રેક્ટર આવડતુ હોય, એમની પ્રથમ પસંદગી કરવામા આવશે.
- રહેવાની સગવડતા આપવામાં આવશે.

રસ ધરાવતી વ્યકિતએ સંપર્ક કરવો

**ઓફિસ એડ્રેસ : પાંજરાપોળ ગૌશાળા**

પાણી દરવાજા પાસે, જૈન દેરાસરની બાજુમાં, અમરેલી.
મો.૭૯૮૪૫ ૩૪૫૨૨



દિલીપભાઈ પરીખ – મો.૭૯૮૪૫ ૩૪૫૨૨
વસંતભાઈ પોકળ – મો.૯૪૨૬૪ ૭૧૪૧૨
મુકુંદભાઈ ગઢીયા – મો.૯૩૨૮૬ ૧૨૦૬૪


### ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ભારતીય બેટરની ધૂમ

# આઈસીસી ટેસ્ટ રેક્રિંગમાં યશસ્વી જયસ્વાલ ૧૨ ક્રમે પહોંચી ગયો

## તેણે ભારતીય કેપ્ટન રોહિત શર્માને પાછળ છોડી દીધો છે, હવે તેનો ટાર્ગેટ વિરાટ કોહલી છે

નવી દિલ્હી, તા.૨૮

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝમાં ભારતીય ટીમના સ્ટાર ઓપનર યશસ્વી જયસ્વાલે બેટ વડે ધૂમ મચાવી છે. તે આ ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર બેટર છે. યશસ્વી જયસ્વાલે માત્ર ૪ મેચમાં ૬૦૦થી વધુ રન બનાવ્યા છે. જેમાં ૨ બેવડી સદી પણ સામેલ છે. આ સાથે જયસ્વાલે આઈસીસીટેસ્ટ રેક્રિંગમાં પણ કમાલ કરી છે. તાજેતરમાં આઈસીસીદ્વારા જાહેર કરેલી ટેસ્ટ રેક્રિંગમાં જયસ્વાલને બે સ્થાનનો ફાયદો થયો છે. તે ૧૨મા નંબરે પહોંચી ગયો છે. આ સાથે જ તેણે ભારતીય કેપ્ટન રોહિત શર્માને પાછળ છોડી દીધો છે. હવે તેનો ટાર્ગેટ વિરાટ કોહલી છે.

યશસ્વી જયસ્વાલ ૭૨૭ રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેક્રિંગમાં ૧૨મા સ્થાને આવી ગયો છે. આ સાથે જ કોહલીને ૨ સ્થાનનું નુકસાન થયું છે.

કોહલી ૭૪૪ રેટિંગ પોઈન્ટ સાથે ૯મા નંબર પર આવી ગયો છે. જો આગામી કેટલીક મેચોમાં યશસ્વીનું વર્તમાન ફોર્મ ચાલુ રહેશે તો તે કોહલીને પાછળ છોડી શકે છે. કોહલી હાલમાં ભારતનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ક્રમાંકિત બેટર છે અને ટોપ-૧૦માં એકમાત્ર ભારતીય છે. ગિલ ચાર સ્થાન આગળ વધીને ૩૧મા સ્થાને જ્યારે જુરેલ ૩૧ સ્થાન આગળ વધીને ૬૯મા સ્થાને પહોંચી ગયો છે. આ બંને ખેલાડીઓએ ચોથી ટેસ્ટમાં ૭૨ રનની અણનમ ભાગીદારી કરીને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

જો રૂટે ભારતની બીજી ઈનિંગ દરમિયાન જયસ્વાલની વિકેટ લીધી હતી, જેના પછી તે ટેસ્ટ ઓલરાઉન્ડરોની યાદીમાં ત્રણ સ્થાનની છલાંગ લગાવીને ચોથા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે રવિન્દ્ર જાડેજા હજુ પણ ટોપ પર છે.

ચોથી ટેસ્ટમાં આરામ આપવામાં આવ્યો હોવા છતાં ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ટેસ્ટ બોલરોની રેક્રિંગમાં ટોપ પર યથાવત છે. કુલદીપ યાદવે ઈંગ્લેન્ડ સામે બીજી ઈનિંગમાં ૪ વિકેટ ઝડપી ૧૦ સ્થાનની છલાંગ લગાવીને ૩૨મા સ્થાને પહોંચી ગયો છે. આ તેના કરિયરની નવી ટોપ રેક્રિંગ છે.

# અમરેલીના ગજેરા સ્કુલ ખાતે બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિજ્ઞાન મેળો યોજાયો






શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમીક, માધ્મીક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ અંગ્રેજી, ગુજરાતી અને મિશ્ર માધ્યમના સંયુકત ઉપક્રમે વિજ્ઞાનમેળો – ૨૦૨૪ શાળાના પ્રાંગણમાં આજરોજ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળવિજ્ઞાનિકો દ્વારા વિવિધ મોડેલ, પ્રોજેકટ, મેથ્સ પઝલ વગેરે કૃતિઓ રજુ કરી આમંત્રિત મહેમાનોને પોતાની કલા, કૌશલ્ય અને પ્રતિભાથી મંત્રમુગ્ધ કર્યા હતાં. આ વિજ્ઞાનમેળામાં ઔષધિઓ, પર્યાવરણ, ગણિત કોયડાઓ, અંધશ્રધ્ધા, નિમૂર્લન, સ્વરછતા, અકસ્માત નિવારણ, વૃક્ષોનું મહત્વ, વરસાદી પાણીનો સંગ્રહ, આધુનિક ખેતી, સોલાર સીસ્ટમ, પવનચકકી, રોબોટીક ટેકનોલોજી, અંતરિક્ષયાન વગેરે થીમ આધારીત પ્રોજેકટસ રજુ કર્યા હતાં.આ વિજ્ઞાનમેળામાં વિધાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે અમરેલી અમરડેરી ના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી.ગોહિલસાહેબ, અમરેલી નગર પ્રાથમીક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, ભરતભાઈ ધડૂક, દિનેશભાઈ કાપડીયા, અરજણભાઈ કોરાટ, કાળુભાઈ સુહાગીયા, એ.બી.કોઠીયા સાહેબ, મંત્રી ચતુરભાઈ ખૂંટ, ખોડાભાઈ સાવલીયા, ટ્રસ્ટ ગોંવિદભાઈ ગોંડલીયા, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહી વિધાર્થીની મહેનતને બિરદાવી હતી. તેમજ શાળાના વિજ્ઞાન અન ગણીતના શિક્ષકઓ, આચાર્યઓ, અન્ય દિપ પ્રાગટય કરી, સરસ્વતીમાતાને વંદના કરી આ વિજ્ઞાનમેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સ્ટાફગણ સુપરવાઈઝર અને વિશાળ સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહી વિજ્ઞાનમેળો સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી. આ વિજ્ઞાન મેળાની કૃતિઓ નિહાળી હતી.આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, સંસ્થાના મંત્રી મનસુખભાઈ ઘાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી, સંપરવાઈઝર, આચાર્ય, શિક્ષકએ વિદ્યાર્થીઓ શિક્ષણક્ષેત્ર દેશને પ્રગતિના પંથે દોરી જઈ મહન રાષ્ટ્રના નિર્માણ માટે સહયોગ આપે તેવી હદયપૂર્વક શુભકામના પાઠવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં મોટા મુંજીયાસરમાં

કે, જો આ ગુનો સાબિત થાય કે પછી એને રંગે હાથે પકડવામાં આવે તો તેને વુક્ષ છેદનના નિયમ મુજબ તેના પર કેસ કરી દંડની જોગવાઈ કરવામાં આવે છે. પરંતુ તપાસ કરવામાં આવે તો આવા લોકો ઉપર કાયદેસરની કાર્યવાહી થઈ શકે.

જયારે સરકાર દ્વારા વૃક્ષોને વાવવા અને તેનું જતન કરવા લોકોને પ્રેરણા આપે છે જયારે બીજી બાજુ આવા સરકારના તાયફાનો ઉલાળ્યો કરતું તંત્ર પોતાના ખીસ્સા ભરવા માટે બેફામ વૃક્ષોનું છેદન કરી રહી છે અને પર્યાવરણ પ્રેમી જનતાની લાગણીને ઠેશ પહોંચાડવામાં આવે છે. તો સરકાર અને તંત્ર દ્વારા જે બેફામ વૃક્ષોને કાપી રહ્યા છે તેના પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## પાના ૮ ઉપરનું ચાલું વડિયાનાં અરજણસુખ ગામે

ખેડુત પર દીપડાએ હુમલો કરતાં ઈજાગ્રસ્ત યુવકને વડીયા સારવારમાં ખસેડવામાં આવ્યો છે.

આ બનાવમાં જાણવા મળ તી વિગત મુજબ વડીયા તાલુકાના અરજણસુખ ગામે રહેતા અનિભાઈ મગનભાઈ ગોંડલીયા નામનાં ખેડુત પોતાના ખેતરમાં આજે જાર વાઢતા હતા ત્યારે અચાનક જ ખેતરમાં છુપાઈને બેઠેલા દીપડાએ વાડી માલિક પર હુમલો કરી દઈ ખેડૂત યુવકને કાન અને મોં ના ભાગે ઈજાઓ કરી હતી.

આ દીપડાના હુમલાની ઘટનાની જાણ થતાં જ આસપાસના ખેડૂતો દોડી આવતા હુમલાખોર દીપડો નાસી છૂટયો હતો. જયારે ઈજાગ્રસ્ત યુવકને વડીયા દવાખાને સારવારમાં માટે ખસેડાયા હતા.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૪ | ૧૭૦૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૫૦ | ૮૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૫ | ૧૨૬૧ |
| ૨ | શિંગ મોટી | ૧૧૨૬ | ૧૨૮૯ |
| ૩ | શિંગદાણા | ૧૩૧૬ | ૧૫૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૧૦ | ૨૭૩૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૯૮૦ | ૩૯૮૦ |
| ૬ | જુવાર | ૯૨૫ | ૯૨૫ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૧૧ | ૬૭૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૧૨ |
| ૯ | ચણા | ૯૦૨ | ૧૧૦૯ |
| ૧૦ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૪૬૦ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૮૯૩ |
| ૧૨ | કપાસ | ૧૦૯૦ | ૧૭૨૨ |
| ૧૩ | એરંડા | ૧૦૮૩ | ૧૧૦૮ |
| ૧૪ | જીરૂ | ૨૩૦૦ | ૪૮૭૦ |
| ૧૫ | રાયડો | ૮૫૮ | ૮૭૫ |
| ૧૬ | ધાણા | ૧૨૮૦ | ૧૮૫૦ |
| ૧૭ | ધાણી | ૧૩૭૦ | ૨૮૦૦ |
| ૧૮ | મેથી | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૧૯ | સોયાબીન | ૮૦૦ | ૮૩૬ |
| ૨૦ | મરચા લાંબા | ૧૦૦૦ | ૪૫૨૫ |

## પાના ૮ ઉપરનું ચાલું ચલાલાના વાવડીમાં મહિલા ઉપર

તાત્કાલીક ચલાલા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી.

આ બનાવ બાદ ડી.સી.એફ. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમજ એ.સી.એફ. શૈલેષ ત્રિવેદીની સુચના મુજબ સરસીયા રેન્જના આર.એફ.ઓ. તેમજ સ્ટાફ દ્વારા આજુબાજુનો વિસ્તાર સ્કેન કરી ૩ (ત્રણ) પીંજરા ગોઠવી ૨૪ કલાકની અંદર મહિલાને ઈજા કરનાર દીપડાને પકડી લેવામાં આવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૭ | ૧૪૧૫ |
| ૨ | ઘઉં | ૪૨૧ | ૪૬૧ |
| ૩ | ચણા | ૮૯૧ | ૧૦૬૫ |
| ૪ | સફેદ ચણા | ૧૧૨૫ | ૧૨૬૬ |
| ૫ | ધાણા | ૧૨૦૧ | ૧૩૭૬ |
| ૬ | સોયાબીન | ૭૨૫ | ૮૨૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૬૮૧ |
| ૨ | ચણા | ૧૦૫૭ | ૧૦૭૫ |
| ૩ | ઘઉં | ૪૫૨ | ૪૫૨ |
| ૪ | બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| ૫ | ધાણા | ૧૩૬૧ | ૧૫૬૧ |
| ૬ | એરંડા | ૧૦૫૭ | ૧૦૫૭ |
| ૭ | જીરૂ | ૩૫૫૦ | ૪૫૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૩૦ | ૧૨૩૧ |
| ૨ | શીંગ મોટી | ૮૮૧ | ૧૩૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ૪ | જીરૂ | ૩૨૦૦ | ૪૮૦૦ |
| ૫ | કપાસ | ૧૫૦૦ | ૧૭૦૨ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૪૬૫ |
| ૯ | જુવાર | ૫૧૦ | ૮૧૦ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૧ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | તુવેર | ૧૫૨૦ | ૧૮૭૫ |
| ૧૩ | એરંડી | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૪ | મેથી | ૯૪૦ | ૧૩૩૦ |
| ૧૫ | રાય/રાયડો | ૯૦૦ | ૯૪૨ |
| ૧૬ | ધાણા | ૧૨૪૦ | ૨૮૭૫ |

## શ્રી રાંઢિયા પ્રા. શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી



અમરેલી, તા. ૨૮

રાંઢિયા પ્રા.શાળાના ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ રૂચી વધે તે માટે વિજ્ઞાન શિક્ષકના સુરેશભાઈ ટાંક દ્વારાવિજ્ઞાન નિબંધ સ્પર્ધાનું અને વિજ્ઞાન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું ડો. વિક્રમ સારાભાઈ, ડો. સી.વી. રામન જેવા વિજ્ઞાનીઓ વિશે નિબંધ અને વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ખુબ સરસ વકતવ્ય તેમજ લેખન કર્યુ જેમાં વિદ્યાર્થી પ્રથમ, દ્વિતિય અને તૃતીય આવ્યા તેમને ઈનામ આપવામાં આવ્યું તેમજ ભાગ લેનારને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું આચાર્ય ભાનુમતીબેન રાઠોડ, રમેશનભાઈ સોનીગ્રા, ધર્મિષ્ઠાબેન પંડયા, ઈલાબેન દેવમુરારી વગેરે એ કાર્યક્રમ સફળ બનાવવા પ્રયત્ન કર્યા.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાના નીલવડાનાં આઘેડે

જમીને વાડીએ ખેતરમાં ધ્યાન રાખવા માટે ગયેલ હતા બાદમાં પોતે પોતાની મેળે ઝેરી દવા પીધેલ હાલતમાં સુતેલ હોય અને સારવાર માટે લઈ જતા રસ્તામાં જ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૬૪૨ |
| ૨ | મગફળી | ૧૧૫૯ | ૧૨૧૧ |
| ૩ | ધાણા | ૧૧૧૫ | ૧૮૦૫ |
| ૪ | તુવેર | ૧૪૭૦ | ૧૬૯૦ |
| ૫ | ઘઉં | ૪૫૨ | ૫૬૮ |
| ૬ | ચણા | ૧૦૧૦ | ૧૧૦૦ |
| ૭ | જીરૂ | ૪૨૧૦ | ૪૭૯૦ |
| ૮ | રાય | ૧૦૧૦ | ૧૧૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૦૧ |
| ૨ | ચણા | ૮૦૦ | ૧૦૯૦ |
| ૩ | સોયાબીન | ૬૧૫ | ૮૧૫ |
| ૪ | ધાણી | ૨૨૫૫ | ૨૨૫૫ |
| ૫ | ધાણા | ૯૯૭ | ૧૫૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૪૫ | ૪૯૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૧૫ | ૪૭૮ |
| ૮ | ચણા સફેદ | ૧૦૬૮ | ૧૦૬૮ |

## દહીંથરા ગામમાં નિરાધાર આશ્રમમાં સંગીતમય શૈલીમાં કથા યોજાશે




દામનગર, તા. ૨૮

દામનગરથી નજીક આવેલ દહીંથરા ગામમાં આવેલ નિરાધાર આશ્રમમાં પ.પૂ. પ્રેમસાહેબ બાપાની ૪૦મી નિર્વાણ તિથિના અવસરે વર્તમાન સમયમાં પિતૃઋણ અદા કરવા તા. ૧/૩/૨૪ ને શુક્રવારથી કથાકાર પૂ. શાસ્ત્રી રાહુલભાઈ રાજયગુરુ (દામનગરવાળા) વ્યાસ પીઠ ઉપરથી સંગીતમય શૈલીમાં ભકતજનોને કથાનું રસપાન કરાવશે. સપ્તાહ દરમિયાન વિવિધ પ્રસંગોની નકળંગ આશ્રમ પાડરશીંગાના મહંત બાલકદાસબાપુ સહિત સંતો–મહંતો પધારી આશીર્વચન આપશે.

આ જ્ઞાનયજ્ઞ માટે રમણિકબાપા માદલિયા (ચકકરગઢ વાળા), સ્વયંમ સેવકો અને દાતાઓ, ગ્રામજનો અને સમાજ શ્રેષ્ઠીઓ તડામાર તૈયારીઓ કરી રહ્યા હોય. આ આશ્રમના મહંત વિનુબાપુ ગુરૂ પ્રેમદાસ બાપુ, ગીતા માતાજી ગુરૂ પ્રેમદાસ બાપુએ ધાર્મિકજનો–ભકતજનો આ જ્ઞાન યજ્ઞનો લાભ લેવા આમંત્રણ આપેલ છે. તા. ૭–૩ને ગુરૂવારે સાંજે ૪–૩૦ કલાકે કથા–યજ્ઞને વિરામ આપવામાં આવશે.

## પાના ૧ ઉપરનું ચાલું ધારીનાં મોણવેલમાં

કરવાઆદેશથતાંસ્થાનિકતંત્રહરકતમાં આવ્યું હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

ઘણા દિવસોથી સોલારપાર્કને લગત કામગીરી ગીરકાંઠા વિસ્તારમાં થતી હતી. સ્થાનિક કક્ષાએ પણ રજૂઆત કરવામાં આવી છતાં કોઈ નકકર કામગીરી થતી ન હતી. પરંતુ આયોગની દરમિયાનગીરી બાદ સ્થાનિક તંત્ર મનાઈ હુકમ આપવા મજબુર બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૪૦૧ |
| ૩ | કપાસ | ૧૧૧૧ | ૧૬૨૯ |
| ૪ | બાજરો | ૪૫૦ | ૫૧૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૮૭૮ |
| ૭ | મકાઈ | ૫૩૫ | ૫૩૫ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | તુવેર | ૭૫૦ | ૭૫૦ |
| ૧૦ | ચણા | ૧૦૩૧ | ૧૦૯૪ |
| ૧૧ | જીરૂ | ૪૭૦૧ | ૪૭૦૧ |

# ચલાલા : અબ્દુલ કલામ યંગ હ્યુમન સાયન્ટીસ્ટ સેન્ટર પુરા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત અબ્દુલ કલામ યંગ વુમન સાયન્ટીસ્ટ સેન્ટર ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓ બહેનો ને વિજ્ઞાન વિષે ની માહિતી જુદા જુદા સાધનો નું માર્ગદર્શન અને પ્રયોગો વિષે વિજ્ઞાન શિક્ષક અરવિંદભાઈ એ માહિતી આપી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ડાયરેકટર મહેશભાઈ મહેતા તેમજ શીતલબેન મહેતા એ જહેમત ઉઠાવી હતી.

### આઠ મિનિટ સુધી ધબકારા બંધ થયા બાદ

# ધારીના મોણવેલ ગામના ખેડૂત પુત્રીની જીંદગી તબીબોએ પુન : ધબકતી કરી

## રાજકોટ સિવિલ હોસ્પિટલની ટીમની સુંદર કામગીરી



(પ્રતાપ ખુમાણ સા.કુંડલા)
ધારી,તા.૨૮

ધારીના મોણવેલ ગામના ખેડૂત પરિવારની ૧૪ વર્ષની દીકરી જી.બી.એસ. રોગનો શિકાર બની ગઈ હતી. આ એવો ખતરનાક રોગ છે કે, ત્રણ મહિને પણ દર્દી માંડ કરીને ચાલી શકે તેના બદલે ૨૨ દિવસમાં ૧૩ વર્ષીય ખુશી દોડતી થઈ ગઈ. પરિવારે રાજકોટ સરકારી હોસ્પીટલના ડોકટર્સ – નર્સીંગ સ્ટાફનો આભાર માનતા કહ્યું સિવિલ હોસ્પિટલની સારવાર ખુબ શ્રેષ્ઠ છે. ખુશીને ખિલખિલાટ હસતી રમતી કરવામાં આ ડોકટર્સ,નર્સીંગ સ્ટાફ અને સર્વન્ટની મહેનત કારગત નીવડી.

સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સારી સારવાર મળેએ માટે પ્રયત્નશીલ સુપ્રિટેન્ડેન્ટ ડો.આર.એસ.ત્રિવેદીની સીધી દેખરેખ હેઠળ મેડિસિન વિભાગના વડા ડો.રાહુલ ગંભીરના માર્ગદર્શન અને યુનિટ હેડ ડો.આરતી ત્રિવેદીના સુપરવિઝન હેઠળ કન્સલ્ટન્ટ ડો.નીરવ અજમેરા, રેસિડેન્ટ ડોક્ટર્સ ડો.રાજ સચદે, ડો.મિત્તલ રાઠોડ, ડો.મોહિત, ફિઝિયો સહિતના તબીબોની ટીમ તેમજ પીએમએસએવાય બ્લોકના આઈસીએન કાજલ સોંઢાતર, આઈસીયુ વોર્ડના નીંગ ઈન્ચાર્જ સુનીતાબેન ચાગ્રાણી, સ્ટાફના રોશની મકવાણા, જે.બી.વોરા, અંજુ બોરખતરીયા, મિત્તલ સરવૈયા, પ્રશાંત પાલનપુરા, લાભુ ખટાણા, મોહિત વાળા, હાર્દિક પટેલ, સ્વીના ભાટિયા, દિશા મકવાણા, ધ્વનિ ઉપાધ્યાય તેમજ સર્વન્ટ સ્ટાફના કમળાબેન, અમીબેન અને સાહિલભાઈએ જરૂરી તમામ કાળજી રાખી કાબિલેદાદ ફરજ બજાવી હતી.

પ્રાઈવેટ હોસ્પિટલમાં થતી રૂા.૮ થી ૧૦ લાખની સારવાર સિવિલમાં નિઃશુલ્ક મળી હતી. જી.બી.એસ. જેવા રોગનો શિકાર બનેલી ખુશીને સિવિલમાં સઘન સારવારમાં જરૂરી મોંઘા આઈ.વી.આઇ.જી ના ઈન્જેકશન કે જેનો દિવસમાં બે વખત ડોઝ આપવાનો થતો હતો. જે ઈન્જેકશનની કિંમત રૂા. ૫ હજાર જેટલી થાય છે (૨૦.એમ.જી.) એવા સતત પાંચ દીવસ સુધી બે ટાઈમ હોસ્પિટલમાંથી જ આપવામાં આવ્યા હતા. જો આ ઈન્જેકશન બહારથી લેવામાં આવે તો ૫૦ થી ૬૦ હજારનો ખર્ચ થઈ શકે છે. આ ઉપરાંત સચોટ નિઘન માટેના કેટલાક રિપોર્ટ પણ બહાર કરાવાયા હતા અને તેના પૈસા પણ આયુષ્માન કાર્ડ હેઠળ રિફંડ આપવામાં આવ્યા હતા. જયારે આ રોગની સારવાર ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવે તો ૨૨ દિવસ આઈસીયુ વોર્ડનો ચાર્જ, મોંઘા ઈન્જેકશન, મેડિકલની સેવાઓ સહીત ગણી ૮થી ૧૦ લાખ રૂપિયા સુધી થઈ જતો હોય છે. ત્યારે સિવિલમાં એક પણ પૈસાના ખર્ચ વગર સારવાર આપવામાં આવી છે. ગરીબ અને મધ્યમવર્ગ માટે સિવિલ વાસ્તવમાં આર્થિક ભારણ હળવું કરનારી આશીર્વાદરૂપ કહી શકાય છે.

જી.બી.એસ.ની બીમારી વિષે તબીબોના જણાવ્યા મુજબ જીબીએસ બેકટેરિયા અને વાઈરસને કારણે થતી બીમારી છે. જેમાં શરીરની રોગ પ્રતિકારક શક્તિ શરીરની નસો અને સેલ પર હુમલો કરે છે અને તેને ખતમ કરે છે. આ બીમારીના અલગ અલગ પ્રકાર હોય છે. પહેલા પ્રકારમાં આ બીમારી ખૂબ સામાન્ય રીતે શરીરમાં વધે છે અને બીજા પ્રકારમાં આ બીમારી દર્દીના શરીરમાં ખૂબ જ જલદીથી ફેલાઈ જાય છે. આ બીમારીમાં શરીરના બ્લડ પ્રેશરને કન્ટ્રોલ કરતી નસો, હૃદય સુધી લોહી પહોંચાડતી નસો, ધબકારાને કંટ્રોલ કરતી નસોને નુકસાન કરે છે જેને કારણે દર્દીની હાલત બગડવાની શરૂ થાય છે.અમૂક કેસમાં જીબીએસ અન્ન નળીને પણ નુકસાન કરે છે જેને કારણે દર્દીઓને ખોરાક લેવામાં તકલીફ પડતી હોય છે.જો જીબીએસમાં યોગ્ય સમયે યોગ્ય સારવાર ન મળે તો દર્દીનું મોત થવાની શકયતા નકારી શકાતી નથી.

ખુશ ખુશાલ ખુશી કહે છે કે, ડોકટર અને સિસ્ટર્સ બધા ફ્રેન્ડસ બની ગયા છે. હોસ્પિટલ – ડોકટર નામથી જ બાળક ગભરાઈ જતું હોઈ છે. ત્યારે ૧૩ વર્ષની ઉંમરે અચાનક જ વેન્ટિલેટર ઉપર રાખવામાં આવે અને ગળામાં હોલ કરી સર્જરી કરવામાં આવે એ સ્થિતિ ખુશી માટે કેટલી કઠિન હશે એ વિચારતા જ ઈશ્વર કોઈને દવાખાનું ના બતાવે એવા શબ્દે મોઢેથી સહજ પણે નીકળી જાય. ૨૨ દિવસની સારવાર પછી દોડતી થયેલી ખુશી ખુશ ખુશાલ મિજાજ કાંઈક અલગ જ હતો. વાતચીતમા જણાવ્યું હતું કે, સવારે જે ડોકટર્સ – સિસ્ટર દર્દી આવે એ મને પહેલા ગુડ મોર્નિંગ કહેવા માટે આવતા હતા. બધા મારા ફ્રેડ્સ બની ગયા છે. બધાને હું થેંક યું...!

માતા દક્ષાબેન કહે છે કે, એક સમયે દીકરી ખોઈ બેઠા એવું માની લીધું હતું.મોતના મુખમાંથી પાછી ફરેલી દીકરીને સંપૂર્ણ સ્વસ્થ રીતે ઘરે લઈ જતી વખતે એક મા ને કેટલી ખુશી હોય એ ૨૨ દિવસ બાદ સ્વસ્થ બનેલી ખુશીના માતા દક્ષાબેન કરકરના મુખ પર વેરાતાં સ્મિત અને વાતચીતમાં ભાવુક બની જતી વખતે અનુભવાયું હતું. દક્ષાબેને જણાવ્યું હતું કે, અમે એક સમયે હૃદય ના ધબકારા ચુકી ગયેલી દીકરીને જોતા અમે અમારી દીકરી ખોઈ દીધી છે એવું માની લીધું હતું, પુત્રી ખુશીની સ્થિતિ એટલી ગંભીર હતી કે, કંઈ કહી શકાતું નહોતું કે ઘડીકમાં શું થશે. પરંતુ રાજકોટની સિવિલ હોસ્પિટલના ડોકટરોની મહેનત અને નર્સીંગ સ્ટાફની ખુબ સારી સંભાળ અને કુદરતને કરેલી પાર્થનાને કારણે આજે અમારી દીકરી હેમખેમ છે. હું આ તમામનો આભારમાનું છું.ખુશીના મામા ભાવેશભાઈ રામાણી કહે છે કે,એક પણ પૈસાના ખર્ચ વગર ભાણેજ સાજી થઈ ગઈ છે. નાની સાણથલી ગામે રહેતા અને નાનેથી મોટી કરનાર ખુશીના મામા ભાવેશભાઈ રામાણીએ વાતચીત માં જણાવ્યું હતું કે, રાજકોટ સિવિલમાં આવ્યા ત્યારે અહીં સારૂં થશે કે કેમ..?! એ બધું ડોકટર અને ભગવાનના ભરોસે મૂકી દીધું હતું. પાંચ દિવસમાં વેન્ટિલેટર ઉપર રહેલી ભાણેજે જયારે આંખ ખોલી ત્યારે ઈશ્વરની સાથે સિવિલના ડોકટરો અમારા ભરોસા ઉપર ખરા ઉતર્યા હતા.અમે જયારે ડોકટરને પૂછયું કે, ભાણેજને સ્વસ્થ થવામાં કેટલો સમય લાગશે ત્યારે ૬ મહિના તો ઓછામાં ઓછા કહ્યા હતા. પરંતુ માત્ર ૨૨ દિવસમાં જ ભાણેજને દોડતી કરી દીધી હતી. મોંઘા રિપોર્ટ અને મોંઘા ઈન્જેકશન હોસ્પિટલમાંથી આપી દેવામાં આવતા એક પણ પૈસાનો ખર્ચ અમને થયો નથી. સામાન્ય રીતે સિવિલ હોસ્પિટલની સારવાર સારી નથી હોતી એવું લોકો કહેતા હોય છે પણ આ વાત ખોટી હોવાનો પુરાવો અમારી ભાણેજને મળેલી સારવાર પરથી આપી રહ્યા છે. અમે તમામ ડોકટર્સ અને સ્ટાફનો આભાર માનીએ છીએ. **(માહિતી સ્ત્રોત : સાગર પરમાર રાજકોટ.)**

### અમરેલી જિલ્લા રઘુવીર સેનાની માંગ

# લોહાણા સમાજ અને સતવારા સમાજ વચ્ચે ઉભી થયેલ ગેરસમજ દુર કરો

## રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લા રઘુવીર સેનાનં પ્રમુખ વિશાલભાઈ સોઢાએ રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે. વધુમાં જણાવ્યું કે, સતવારા સમાજની એક વ્યકિત દ્વારા લોહાણા સમાજની એક વ્યકિતને કુલ્ફીમાં માખી નીકળ્યા બાબતે ધંધાકીય પ્રશ્ન સર્જાયો હતો. આ બાબતે સમાજીક સમરસતા જળવાય રહે તે હેતુથી સોનલબેન દ્વારા સતવારા સમાજના વ્યાપારીને જે ગેરસમજ ઉભી થઈ છે તે બાબતે ચોખવટ કરવા માટે ફોન કરવામાં આવેલ. પરંતુ સતવારા સમાજના અમુક વ્યકિત દ્વારા સોનલબેન વિરૂધ્ધ ષડયંત્ર રચી કોલ રેકોર્ડીંગમાં ચેડા કરી, અન્ય વ્યકિતનો અવાજ સોનલબેનના નામે પોતાના સમાજમાં રજુ કરીને સમાજના આગેવાનોને ગેરમાર્ગે દોરેલ છે. આપના માધ્યમથી અમો સતવારા સામાજને જણાવવા માંગીએ છીએ કે આપના સમાજના અમુક અસામાજીક તત્વો દ્વારા સામાજીક અખંડતાને તોડવા માટે જે કૃત્ય કરવામાં આવેલ છે તે અંગે જે સત્ય વાત હતી તે સતવારા સમાજના ધ્યાને આવેલ જ નથી અને માત્ર ને માત્ર સોનલબેનની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા અને માત્ર ને માત્ર તેમની છબી ખરડાવવા માઠે સતવારા સમાજના વ્યકિત દ્વારા ષડયંત્ર રચવામાં આવેલ છે અને સત્ય હકીકત સમાજની સમક્ષ રાખ્યા વગર સતવારા સમાજને ગેરમાર્ગે દોરી સોનલબેન વિરૂધ્ધ પ્રતિક ઉપવાસ આંદોલન અને રામધુન જેવા કાર્યક્રમોનું આયોજન કરી સમગ્ર શહેર તથા જિલ્લા તેમજ રાજયની શાંતિને ડહોળવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. સોલનબેનને રૂબરૂ મળવાનો સમય ફાળવી સત્ય હકીકત જાણી આપ દ્વારા સતવારા સમાજને પણ સાંભળવામાં આવે અને જે સત્ય વાત છે તે સતવારા સમાજને સમજાવવામાં આવે. આપના માધ્યમથી જો આ કાર્ય કરવામાં આવશે તો સમાજમાં જે લોકો દ્વારા શાંતિ હણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તે પ્રયાસ નિષ્ફળ જશે.વધુમાં જણાવેલ છે કે, સોનલબેન રાજકોટ શહેર ભા.જ.પા. મહિલા મોરચાના પ્રમુખ છે, ઉપરાંત તેઓ સામાજીક કાર્યકર તરીકે પોતાના વિસ્તારમાં ઘણા વર્ષોથી સામાજીક સેવાઓ આપી રહેલ છેઈ તેઓ લોહાણા (રઘુવંશી) સમાજના એક પ્રતિષ્ઠીત અને સન્માનીય વ્યકિત છે. તેઓ દ્વારા તમામ સમાજના લોકો માટે હેતુલક્ષી ઉત્કર્ષ લક્ષી કામગીરી કરવામાં આવે છે. તેઓ નાનામાં નાની વ્યકિતને સરકારી યોજનાની સહાયો પહોંચાડવા તેમજ તે કામગીરીમાં પોતે વ્યકિતગત ધ્યાન આપી લોકોને ઉપયોગી બને છે અને આ રીતે તેઓ દરેક સમાજનાં લોકોમાં સારી એવી લોકચાહના ધરાવે છે. વિશેષમાં સોલનબેનના અવાજ સાથે ચેડા કરી અને સોનલબેનના નામે અન્ય વ્યકિતને કોલ રેકોર્ડીંગમાં સ્પીચમાં ઉમેરી,અભદ્ર શબ્દોનો ઉપયોગ થયો છે. અમો આપને બાહેંધરી આપીએ છીએ કે સોનલબેન દ્વારા આવી કોઈપણ અભદ્ર ભાષાનો કયારેય પણ કરવામાં આવેલ નથી અને ભવિષ્યમાં કરવામાં આવશે નહિ તેમ અંતમાં જણાવેલ છે.

# રાજુલા : સરસ્વતી ગૃપ ઓફ સ્કૂલ ખાતે વિજ્ઞાન મેળો યોજાયો




રાજુલા, તા. ૨૮

રાજુલા શહેરની શિક્ષણ ક્ષેત્રે નામના ધરાવતી સરસ્વતી ગ્રુપ ઓફ સ્કુલ ખાતે આજે ભવ્ય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવેલું. જેમાં આજે આ શાળાનાં બાળકો દ્વારા કુલ ૧૧૩ કૃતિઓ રજૂ કરવામાં આવેલી. જેમાં કુલ ૨૨૬ જેટલા બાળકોએ ભાગ લીધેલો. ત્યારે રાજુલા શહેરની સરસ્વતિ ગૃપ ઓફ સ્કૂલ કે જેમની વિવિધ શાખાઓ સરસ્વતી વિદ્યાલય, સરસ્વતી ડે સ્કૂલ તેમજ નિજાનંદ પ્રાઈમરી સ્કૂલ જાફરાબાદ સહિતની આ શાળા વિશાળ ગૃપ ધરાવે છે. ત્યારે આજના આ વિજ્ઞાન મેળામાં જોવા માટે વિવિધ અગ્રણીઓ પણ પધારેલા ત્યારે શાળાનાં ટ્રસ્ટી અતુલભાઈ કાતરીયાના સૂચના મુજબ આ શાળાનાં આચાર્ય ક્રિષ્નાભાઈ બારૈયા, નયનભાઈ દુધરેજીયા તેમજ મનીષાબેન બારૈયા જેમણે આ વિજ્ઞાન મેળાને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ. આ શાળામાં અત્યાર સુધીમાં આ ૧૦મો વિજ્ઞાન મેળો યોજાઈ ચૂકયો છે ત્યારે બાળકોને ભણતર સાથે જ્ઞાન ગમ્મત, વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી વિવિધ ભૌતિક સુવિધાઓ પૂરી પાડતી રાજુલા શહેરની આ સંસ્થા હંમેશા સદા અગ્રેસર રહી છે.

# દામનગરમાં વિનામૂલ્યે ૫૮મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો



દામનગર, તા.૨૮

કર્મ એજ ધર્મ અને માનવ સેવા એજ પ્રભુ સેવાના મંત્રથી તા.૨૮/૦૨/૨૦૨૩ને બુધવારના શ્રી ગાયત્રી પ્રજ્ઞા મંદિરના યોજાયેલ વિનામૂલ્યે નેત્રયજ્ઞમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજોટ (આંખની હોસ્પિટલ) ના ડો.બોરીસાગર ૧૦૮ દર્દીઓની આંખ તપાસી જે પૈકીના ૨૩ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવામાં આવેલ છે. સિનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર, ગાયત્રી પરિવાર, ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટ અને સ્વયમ સેવકોએ સેવા આપી હતી. કેમ્પમાં સેવા આપનાર ડોકટર સાહેબ અને તેમની સાથેના કર્મચારીઓનો આભાર માનવામાં આવેલ.

હેપ્પી બર્થ-ડે...
માયાપાદરની ખનકનો આજે જન્મદિવસ હોય
પપ્પા : પિયુષભાઈ જોટંગિયા
મમ્મી : નિશાબેન જોટંગિયા,
ભઈલો : વિહાન તરફથી
ખનક 'દીદી'ને જન્મદિનની ખુબ-ખુબ શુભેચ્છાઓ...



ચિ. ખનક

# જાફરાબાદમાં શેઠ ત્રિ.માં લાયબ્રેરી અડિખમ સંસ્થા છે

જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત શેઠ ત્રિભુવન માવજી લાઈબ્રેરીમાં સ્થાનિક સંચાલન સમિતિની મીટીંગ આયોજિત થયેલ.

જે અન્વયે લાઈબ્રેરીમાં ખુલ્લુ મુકાયેલ પુસ્તક પ્રદર્શન નિહાળવામાં આવેલ. ત્યારબાદ મિટીંગની બેઠક મળેલ શ્રી જા.કે.ઉ. મંડળ–મુંબઈથી પધારેલા માનવંતા ટ્રસ્ટીઓ પ્રમુખ કિરીટભાઈ મહેતા, માનદમંત્રી યોગેશભાઈ ગોરડિયા, રાજેશભાઈ ગોરડિયા, હેમંતભાઈ સંઘવી, સુરેશભાઈ મોદી તથા સુરેશભાઈ મહેતાનું ગ્રંથપાલ અલારખાભાઈ દ્વારા શાબ્દિક ઉષ્માસભર સ્વાગત કરવામાં આવેલ. લાઈબ્રેરીનાં માનદમંત્રી નારણભાઈ ઢગલ દ્વારા લાઈબ્રેરીની પ્રવૃત્તિઓ અને વિકાસ વર્તુળ ભાવનગર આયોજિત જી.કે.આઈ.કયુ. ટેસ્ટ વિશે માહિતી આપેલ. તેમજ જી.કે. ટેસ્ટમાં લાઈબ્રેરી જીલ્લામાં પ્રથમ અને ગુજરાતમાં ૨૩માં રેન્ક સાથે પાસ થનાર નામદેવ હાર્દિકભાઈને પ્રમુખ કિરીટભાઈ મહેતા દ્વારા રૂપિયા ૫૦૦નો પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરેલ. જાફરાબાદનાં યુવા લેખક વિષ્ણુભાઈ ભાલિયા દ્વારા નવું પ્રકાશિત થયેલ ''ખારા પાણીને ખમ્મા'' પુસ્તક પ્રમુખનાં વરદ હસ્તે લાયબ્રેરીને ભેટ આપેલ અને પુસ્તક વિમોચન કરેલ. પ્રમુખ કિરીટભાઈ મહેતા દ્વારા ગ્રંથપાલ અલારખાભાઈની કામગીરીની સરાહના કરવામાં આવેલ. યોગેશભાઈ ગોરડિયા દ્વારા વર્તમાન સમયમાં વાંચકોની ઘટતી સંખ્યા અંગે ચિંતન કરી ભવિષ્યમાં વાચકોની સંખ્યા વધારવાની હિમાયત કરેલ. લાઈબ્રેરીનાં સ્થાનિક સંચાલન સમિતિનાં હોદ્દેદારો રામાનંદી, એચ.એમ. ઘોરી, નારણભાઈ ઢગલ, નયનાબેન કોટેચા, સવિતાબેન મકવાણા, પત્રકાર તથા સાગરખેડૂ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ પ્રમુખ કિશોરભાઈ આર. સોલંકી તથા લેખક વિષ્ણુભાઈ ભાલિયા ઉપસ્થિત રહેલ. મીટીંગનાં અંતે સંસ્થાનાં ભૂતપૂર્વ નિયામક ઠાકોરદાસ રામાનંદી દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

### રૂપિયા ૧.૮૦ કરોડનાં ખર્ચે

# લાઠીનાં દુધાળા અને માલવીયા પીપરીયાનાં એપ્રોચ માર્ગ બનશે

## ધારાસભ્ય તળાવીયા દ્વારા ભૂમિપૂજન થયુ

લાઠી, તા. ૨૮

લાઠી તાલુકાનાં મા. પીપરીયા તેમજ દુધાળા બાઈ એપ્રોચ રોડ બનાવવામાં આવનાર છે જેનો ખાતમુહુર્ત કાર્યક્રમ વિધિવત રીતે લાઠી બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.

માર્ગ અને મકાન વિભાગની રૂપિયા ૧.૮૦ કરોડનાં અનુદાનની રકમમાંથી મા. પીપરીયા તેમજ દુધાળા બાઈ એપ્રોચ રોડ બનાવવામાં આવશે આ બંને એપ્રોચ રોડની કામગીરી ટૂંક જ સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે.

બંને ગામોમાં ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે આ બંને ગામોમાં એપ્રોચ રોડ બનવાથી આ વિસ્તારનાં લોકો તેમજ વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે નહિ અને હવે આ રોડ બનાવવાની કામગીરી શરૂ થશે એટલે ગ્રામજનોનાં વર્ષો જુના રોડ બનાવવાનું સ્વપ્ન સાકાર થશે અને વાહન ચાલકોને પણ મુશ્કેલી નહી પડે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઝડપી કામગીરી કરી ખૂબ જ ઓછા સમયમાં આ રોડનું કામ પૂર્ણ કરવામાં આવશે.

આ ખાતમુહુર્ત પ્રસંગે જિલ્લા પંચાયત અમરેલીનાં પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જીલ્લા ભાજપનાં ઉપાધ્યક્ષ મગનભાઈ કાનાણી, બક્ષીપંચ મોરચાના



પ્રમુખ રાજુભાઈ ભૂતૈયા, તાલુકા ભાજપનાં પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલિયા, કારોબારી ચેરમેન હિંમતભાઈ એવિયા, દકુભાઈ પડસાલા, પરેશભાઈ સરવૈયા, કાળુભાઈ દુધાત, ધર્મેશભાઈ એવિયા, રમેશભાઈ જોધાણી, સરપંચ સુરેશભાઈ વીંછિયા તેમજ સરપંચ સુરેશભાઈ મુલાણી સહિતનાં આગેવાનો, ગ્રામ પંચાયતનાં સદસ્યો, ભાજપ સંગઠનનાં હોદ્દેદારો, માર્ગ અને મકાન વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર સહિતનાં અધિકારીઓ તેમજ કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા તેમજ તમામ ગ્રામજનોએ હર્ષની લાગણી સાથે ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

### સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર જગાવનાર

# ઉનાના અહેમદપુર માંડવી ચેક પોસ્ટ તોડકાંડના ફરાર આરોપી એએસઆઈની ધરપકડ

## એસપીએ કોર્ટમાં રજુ કરતાં ૧૦ દિવસના રીમાન્ડ મંજુર



ઉના, તા. ૨૮

સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં ચર્ચા જગાવનાર ઉનાના અહેમદપુર માંડવી ચેક પોસ્ટ તોડ કાંડના ફરાર આરોપી એએસઆઈ નીલેશ મૈયાની એસબી દ્વારા ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા દસ દિવસના રિમાન્ડ કરાયા મંજુર.

ગુજરાત રાજયને અડીને આવેલ સંઘ પ્રદેશ દીવ તરફથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોને ઉના પોલીસ દ્વારા અહેમદપુર માંડવી ચોક પોસ્ટ પર રોકી તોડ કરવામાં આવતો હોવાની ફરિયાદ ગીર સોમનાથ બેસીબીને મળતા એસીબી ટીમ દ્વારા ગત તા. ૩૦ ડીસેમ્બર ૨૦૨૩ના રોજ રાત્રિના સમયે રનીંગ ડીકોય કરવામાં આવતા વહીવટદાર નિલેશ તડવી ને દ્વારા ઝડપી લીધો હતો અને ઉના પી.આઈ. નીલેશપુરી ગોસ્વામી, એએસઆઈ નિલેશ મૈયા સહિત ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુન્હો નોંધવામાં આવ્યો હતો. જેના ઉના પી.આઈ. નીલેશપુરી ગોસ્વામી, એએસઆઈ નિલેશ મૈયા દ્વારા ઉના કોર્ટમાં આગોતરા અરજી કરવામાં આવતા નામંજુર થયા બાદ હાઈકોર્ટમાંઆગોતરા જામીન અરજી કરવામાં આવતા બંને પક્ષે દલીલો કયર્ફા બાદ જામીન અરજી પરત ખેંચી લેવામાં આવતા ઉના પી.આઈ. નીલેશપુરી ગોસ્વામી ૬ દિવસ પૂર્વે રાજકોટ એ.સી.બી. કચેરી ખાતે રજુ થતા કોર્ટ દ્વારા ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા જયારે ફરાર આરોપી એએસઆઈ નિલેશ મૈયા ગઈ કાલ રાજકોટ એસીબી કચેરી ખાતે હાજર થતા એસીબી દ્વારા ઉના કોર્ટમાં રજુ કરવામાં આવતા ૧૭ જેટલા મુદ્દાઓને લઈ દલીલ કરી ૧૦દિવસના રિમાન્ડ માગતા ઉના કોર્ટ દ્વારા પૂરા ૧૦ (૮ માર્ચ સુધી) દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા.

### દર્દીનારાયણની નિઃશુલ્ક થતી સેવાથી પ્રભાવિત

# ટીંબી : સ્વામીનિર્દોષાનંદજી હોસ્પિટલને નાકરાણી પરિવાર દ્વારા ૫ લાખની સહાય

## દાતા પરિવારનો ટ્રસ્ટીગણે આભાર માન્યો

ટીંબી, તા.૨૮

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) માં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત એવા સુરત સ્થિત શ્રીમતિ કંચનબેન કરશનભાઈ ભીખાભાઈ નાકરાણી પરીવાર દ્વારા તેમના માદરેવતન જામબરવાળા (તા.બાબરા) મુકામે તેઓનાં સંપુર્ણ આર્થિક સહયોગથી નિર્મીત થયેલ 'શ્રી રામજીમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'' તા.૨૨/૨/૨૦૨૪ ના રોજ સંપન્ન થયેલ.આ શુભપ્રસંગે નાકરાણી પરિવાર દ્વારા હોસ્પિટલના દર્દીનારાયણની નિઃશૂલ્ક સારવાર અર્થે સહભાગી થવાના શુભાશયથી રૂપિયા પાંચ લાખ પુરાનાં અનુદાનનો ચેક સતધામ (સુરત–અમદાવાદ) ના પ્રણેતા ક્રાંતિકારી સંતશ્રી સંત સ્વામીજી ના વરદ હસ્તે બોટાદ જિલ્લા પંચાયતનાં પુર્વપ્રમુખ ઘનશ્યામભાઈ વિરાણી તેમજ



સંતો–મહંતો અને વિશાળ સંખ્યામાં મહેમાનો ગ્રામજનોની ઉપસ્થિતમાં હોસ્પિટલના ઉપપ્રમુખ બી.એલ.રાજપરા અને ટ્રસ્ટી કનુભાઈ ભીંગરાડિયા ને અર્પણ કરવામાં આવેલ.

દાતા પરીવાર શ્રીમતિ કંચનબેન કરશનભાઈ ભીખાભાઈ નાકરાણીનું હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ.રાજપરા અને હિરાભાઈ નાકરાણી દ્વારા મોમેન્ટો અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. આટલી મોટી રકમનું અનુદાન આપવા બદલ હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ વતિ દાતા પરીવારના પુત્રો પરેશભાઈ, નિકેશભાઈ તથા દર્શનભાઈનો હૃદયપુર્વકનો આભાર માનવામાં આવેલ છે.

## એક તરફ વૃક્ષ બચાવની ગુલબાંગો અને બીજી તરફ ખુલ્લેઆમ વૃક્ષ છેદન

# બગસરાનાં મોટા મુંજીયાસરમાં આડેધડ વૃક્ષોનું છેદન

જવાબદાર પદાધિકારી અને અધિકારી દ્વારા જવાબદારીની ફેંકાફેંકીનો નજારો જોવા મળી રહ્યો છે

છેલ્લા ૧૫ દિવસમાં અનેક વૃક્ષોને જમીનદોસ્ત કરવામાં આવ્યા અને તંત્ર બેખબર

રક્ષિત વૃક્ષો કાપવાની મંજૂરી કોણે આપી કે ગેરકાયદેસર રીતે છેદન થાય છે તે તપાસનો વિષય

જે કોઈ જવાબદાર હોય તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ







તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૮

બગસરાના મોટા મુંજીયાસાર ગામ નજીક જંગલ ખાતાની હદ હોવાથી અનેક પ્રકારના વૃક્ષો આવેલા છે. ત્યારે આ વૃક્ષોનું છેલ્લા ૧૫ દિવસ થયા બેફામ રીતે છેદન કરવામાં આવી રહ્યું છે. ત્યારે એક જાગૃત નાગરિક દ્વારા જંગલ ખાતાને જાણ પણ કરવામાં આવેલી હતી પરંતુ જંગલ ખાતા દ્વારા એવું કહેવામાં આવ્યું કે, આ અમારી પ્રીમાયસી નથી અને ગ્રામ પંચાયત અને સરપંચ દ્વારા મંજૂરી લીધેલી હોય એવું અમને લોકોને જાણવા મળેલ છે. પરંતુ આ રક્ષિત વૃક્ષો કાપવાની મંજૂરી કોણે આપી તેનું હજી સુધી કોઈ ખુલાસો આવેલ નથી અને પરમિશન હોય તો પણ ફકત ગાંડા બાવળને જ કાપવામાં આવે છે જયારે અહીં દેશી બાવળ તેમજ બીજા અન્ય રક્ષિત વૃક્ષોને પણ કાપી નાખવામાં આવેલ છે અને બારોબાર વેંચી મારવામાં પણ આવેલ છે. જયારે આ બાબતે મુંજીયાસર સરપંચ જયસુખભાઈને આ બાબતે પૂછતા તેમણે જણાવેલ કે, મને આ બાબતે મને કાઈ ખબર નથી. જયારે આ બાબતે જંગલ ખાતામાં પૂછતા તેમણે જણાવેલ કે, આ આમારામાં નથી આવતું આ રેવન્યુમાં આવે અથવા તો ગૌચરમાં આવે છે એટલે અમે કોઈ કાર્યવાહી ના કરી શકીએ. જયારે આ બાબતે મામલદારને પૂછતા તેમણે જણાવેલ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### રાની પશુઓનાં કારણે જગતાત ચિંતિત

## વડિયાનાં અરજણસુખ ગામે ખેડૂત ઉપર દીપડાએ હુમલો કરતાં ફફડાટ

### ખેડૂતને કાન અને મોં પર કરી ઈજા



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં દીપડાના હુમલાની ઘટના હવે સામાન્ય બની છે. જિલ્લામાં કયાંકને કયાંક આવી ઘટના સામે આવે છે. હજુ બે દિવસ પહેલાં ચલાલા નજીક વાવડી ગામે શ્રમિક ઉપર દીપડાએ હુમલો કર્યાની ઘટના બાદ દીપડો પિંજરે પુરાયો છે ત્યાં આજે વડીયાના અરજણસુખ ગામે


અનુસંધાન પાના ૬ ઉપર

---

### વન વિભાગે ૨૪ કલાકમાં કામ પુર્ણ કર્યુ

## ચલાલાના વાવડીમાં મહિલા ઉપર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો

### 3 પીંજરા ગોઠવતાં દીપડો ઝડપાઈ ગયો



અમરેલી, તા. ૨૮

ધારી ગીર (પુર્વ) વન વિભાગ હેઠળના સરસીયા રજની ધારા રાઉન્ડની ચલાલા રેવન્યું બીટમાં આવેલા વાવડી ગામમાં ગત તા.૨૬ના રાજ ખેતરમાં ઘંઉ વાઢવાની કામગીરી શ્રમિકો કરતા હતા. ત્યારે ખેતરની બાજુની જુવારમાં બેઠેલા એક દીપડાએ દોડીને શ્રમિક મહિલાની તેમના ડાબા હાથના પંજાના ભાગે ન્હોર મારી દીધેલ. બાદ ઘવાયેલ મહિલાને

અનુસંધાન પાના ૬ ઉપર

---

### લગ્ન નોંધણીમાં બનાવટી સર્ટીફીકેટ રજુ કરતા

## રાજુલાના ડુંગર ગામે પિતાએ તેમની પુત્રી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૮

રાજુલા તાલુકાના ડુંગર ગામે આવેલ સ્ટેશન રોડ કલ્યાણનગરમાં રહેતા અરવિંદભાઈ દુલાભાઈ સંપટની દિકરી હેતલબેને પોતાના અસલ લિવિંગ સર્ટી.ના જનરલ રજી. નં.૩૫૧૦ ની જગ્યાએ પોતાએ પોતાના લગ્ન નોંધણી મોટી કુંકાવાવ ગ્રામ પંચાયત ખાતે તા.૧૯/૧/૨૪ રોજ પોતાનુ લિવિંગ સર્ટી.ના જનરલ રજી.નં.૪૫૧૦ વાળુ બનાવટી અને ખોટુ સ્કુલ લિવિંગ સર્ટી. તલાટી મંત્રી મોટી કુંકાવાવ પાસે રજુ કરી અને સાચા સ્કુલ લિવિંગ સર્ટી તરીકે લગ્ન નોંધણીમાં ઉપયોગ કર્યાની પિતાએ પોતાની પુત્રી સામે ફરિયાદ નોંધાવી છે.

---

### ગામજનોમાં ફફડાટ ફેલાવતી ઘટના

## બગસરાનાં હામાપુર ગામે બસ સ્ટેન્ડ વિસ્તારમાં સિંહોની મિજબાની

### એક સાથે ૫ ગાયોનું મારણ કરવામાં આવ્યું હતું



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૮

વિગત અનુસાર બગસરાનાં હામાપુર ગામે આજે મોડી રાતનાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં એક સાથે ૫ ગાયોનું મારણ કરતાં વનરાજા જયારે આ બાબતે વ્હેલી સવારે લોકોને જાણ થતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને જંગલ ખાતા ધ્વારા તત્કાલ ત્યાંથી મારણ કરેલ ગાયો હટાવી લેવામાં આવેલ હતી અને જંગલ વિસ્તારમાં મુકી આવેલ હતી. પરંતુ આ મારણથી સમસ્ત હામાપુર ગામ ધ્રુજી ઉઠયું હતું. લોકોમાં અનેક સવાલો પણ ઉઠી રહ્યા હતા કે આજે ગાયોનું મારણ કરેલ છે જયારે કયારેક કોઈ માનવજાત ઉપર પણ હુમલો થઈ શકે એવી લોકોમાં બીક ઘર કરી ગઈ છે. જયારે આવા કોઈ બનાવ ન બને તે માટે જંગલ ખાતા ધ્વારા આવા સિંહોને જંગલ ખાતાની હદમાં મુકવામાં આવે. જયારે આ હામાપુર ગામમાં કાયમી વસવાટ કરીને બેઠ આ સિંહોને તત્કાલ જંગલ ખાતાની હદમાં મુકવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે. જયારે શું આ મારણ ખરેખર સિંહો ધ્વારા કરવામાં આવેલ છે કે, પછી બીજા કોઈ અન્ય વન્ય પ્રાણીઓ ધ્વારા કરવામાં આવેલ છે. ત્યારે જંગલ ખાતાને પુછતા તેમણે જણાવ્યું કે આ મારણ સિંહણ ધ્વારા કરવામાં આવેલ છે. તો આવા સિંહો ગામની અંદર પ્રવેશી જાય છે ત્યારે લોકોમાં ભય વ્યાપી ગયો છે.


જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર......................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.











*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)